dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-10 | Issue-45 | AD-2026, Kartak Sud-09 | Wednesday, Dt.18-11-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

મનીલામાં આસિયાન સંમેલનના ઉદ્‌ઘાટન સત્રને સંબોધન કર્યું, સ્પર્ધા નહીં પરંતુ સહકારથી નક્કી થશે સહિયારું ભવિષ્ય

વિશ્વને અત્યારે શાંતિ અને સ્થિરતાની સૌથી વધુ જરૂર : પીએમ મોદી

મનીલા,તા.૧૭

ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં યોજાયેલા આસિયાન સંમેલનના ઉદ્‌ઘાટન સત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વમાં શાંતિ, સ્થિરતા અને પરસ્પર સહયોગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં વિશ્વ અનેક પડકારો અને કટોકટીઓનો સામનો કરી રહ્યું છે ત્યારે દુનિયાને સૌથી વધુ જરૂર શાંતિ અને સ્થિરતાની છે. ભારત આસિયાનની એકતા અને તેની અગ્રણી ભૂમિકાને મજબૂત બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબધ્ધ છે અને ભવિષ્યમાં પણ આ પ્રતિબધ્ધતા યથાવત રહેશે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારતનો વિકાસ અને આસિયાનની સમૃધ્ધિ એકબીજા સાથે જોડાયેલાં છે. ભારત અને આસિયાન દેશોની સંયુક્ત વસ્તી વિશ્વની કુલ વસ્તીના આશરે ચોથા ભાગ જેટલી છે. આટલી મોટી વસ્તી ધરાવતા દેશોનું સહિયારું ભવિષ્ય સ્પર્ધાથી નહીં, પરંતુ પરસ્પર સહકાર અને ભાગીદારીથી નક્કી થવું જોઈએ. તેમણે આસિયાન સંમેલનના આ વર્ષના વિષય 'મળીને પોતાના ભવિષ્યની દિશા નક્કી કરવી'ને વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાવ્યો હતો.

વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વએ અનેક સંકટોનો સામનો કર્યો છે. આવા સંજોગોમાં દેશો વચ્ચે વિશ્વાસ, સંવાદ અને



સહયોગ વધારવો અનિવાર્ય છે. ભવિષ્ય અંગેની અનિશ્ચિતતા દૂર કરવા માટે શાંતિપૂર્ણ અને સ્થિર વાતાવરણનું નિર્માણ કરવું જરૂરી છે.

આસિયાન દેશો સાથે ભારતના સંબંધો માત્ર વેપાર પૂરતા મર્યાદિત નથી, પરંતુ આર્થિક વિકાસ, સુરક્ષા, રાજકીય સ્થિરતા અને સાંસ્કૃતિક સહયોગ જેવા વિવિધ ક્ષેત્રોમાં પણ મહત્વપૂર્ણ છે. ઉલ્લેખનીય છે કે આસિયાન દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનું પ્રાદેશિક આંતરસરકારી સંગઠન છે. તેની સ્થાપના વર્ષ ૧૯૬૭માં કરવામાં આવી હતી. બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, તિમોર-લેસ્તે અને વિયેતનામ સહિત કુલ ૧૧ દેશો તેના સભ્ય છે. ભારત આ સંગઠનનું સભ્ય ન હોવા છતાં વ્યૂહાત્મક ભાગીદાર છે. અમેરિકા, ચીન, જાપાન અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશો પણ આસિયાન સાથે સંવાદ ભાગીદારી ધરાવે છે.

મનીલામાં આસિયાન સંમેલનની સાથે ક્વાડ સંમેલનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. બંને મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય બેઠકોમાં ભાગ લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મનીલા પહોંચ્યા હતા. આ મુલાકાતને ભારતની વિદેશ નીતિ, દક્ષિણ-પૂર્વ એશિયા સાથેના સંબંધો અને વૈશ્વિક સહયોગની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વડાપ્રધાનના સંબોધનથી ભારતે વિશ્વશાંતિ, પ્રાદેશિક એકતા અને સહિયારા વિકાસ માટેનો પોતાનો અભિગમ સ્પષ્ટ કર્યો હતો.

ઉત્તરાખંડમાં થયેલા બે ભયાનક માર્ગ અકસ્માતમાં ૧૩ નાં મોત, ૩૦ લોકો ઘાયલ

ઉત્તરાખંડ, તા.૧૭

ઉત્તરાખંડમાં મંગળવારે સવારે બે અલગ-અલગ સ્થળોએ સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતોમાં કુલ ૧૩ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૩૦ લોકો ઘાયલ થયા છે. બંને અકસ્માતોને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પ્રથમ અકસ્માત ટિહરી જિલ્લામાં ઋષિકેશ-બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગૂલર નજીક સર્જાયો હતો. મુસાફરોથી ભરેલી એક બસ અચાનક આશરે ૧૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકીને નદીમાં પડી હતી. આ દુર્ઘટનામાં



નવ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ત્રણ વર્ષની બાળકી સહિત ૨૫ મુસાફરો ઘાયલ થયા હતા. શરૂઆતમાં ઋષિકેશની અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાના તબીબોએ ૧૦ લોકોનાં મોત થયાની માહિતી આપી હતી, પરંતુ બાદમાં ગઢવાલના પોલીસ મહાનિરીક્ષક રાજીવ સ્વરૂપે નવ મોતની પુષ્ટિ કરી હતી. મુસાફરોએ આક્ષેપ કર્યો હતો કે બસ પૂરપાટ ઝડપે દોડી રહી હતી અને ચાલકને વારંવાર ગતિ ધીમી કરવા વિનંતી કરવા છતાં તેણે ધ્યાન આપ્યું નહોતું.બીજો અકસ્માત રુદ્રપ્રયાગની ક્યૂંજા ઘાટીમાં સર્જાયો હતો. પોખરી ખાતે લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલા જાનૈયાઓની બોલેરો ગાડી ઊંડી ખીણમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં ચાર લોકોનાં મોત થયાં હતાં, જ્યારે છ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી ચારની હાલત ગંભીર હોવાથી તેમને શ્રીનગરની આધાર હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. એક જ સવારે સર્જાયેલી બંને દુર્ઘટનાઓએ ઉત્તરાખંડમાં માર્ગ સુરક્ષા અંગે ફરી ચિંતા ઊભી કરી છે.

પાકિસ્તાનના મંત્રીના ભારત આગમનથી રાજકીય વિવાદ, એસસીઓ સંમેલન પહેલાં કોંગ્રેસે કેન્દ્ર સરકારને ઘેરી

નવી દિલ્હી,તા.૧૭

ભારતમાં આ સપ્તાહે યોજાનારા શાંઘાઈ સહકાર સંગઠનના સંમેલન પહેલાં રાજકીય વિવાદ ઊભો થયો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફની સરકારના પર્યાવરણ મંત્રી આ સંમેલનમાં ભાગ લેવા નવી દિલ્હી આવી રહ્યા છે. ભારતે સંગઠનના તમામ સભ્ય દેશોને આમંત્રણ આપ્યા બાદ પાકિસ્તાને પોતાના મંત્રીને મોકલવાની જાહેરાત કરી છે. આ નિર્ણયને પગલે દેશના રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને કોંગ્રેસે કેન્દ્ર સરકારની નીતિ સામે સવાલો



ઉઠાવ્યા છે. કોંગ્રેસે પ્રશ્ન કર્યો છે કે ગયા વર્ષે પહલગામની બૈસરન ખીણમાં પાકિસ્તાન સમર્થિત આતંકીઓએ ધર્મના આધારે લોકોને નિશાન બનાવી ૨૬ નિર્દોષ લોકોની ક્રૂરતાપૂર્વક હત્યા કરી હતી. આવી ગંભીર ઘટના બાદ ભારતના પાકિસ્તાન પ્રત્યેના વલણમાં અચાનક શું બદલાવ આવ્યો છે કે તેને સંમેલનમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવી રહ્યું છે?કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ આ મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫ના પહલગામ આતંકી હુમલા બાદ પણ પાકિસ્તાનના આતંકવાદ અંગેના વલણમાં કોઈ ફેરફાર થયો નથી. છેલ્લા ચાર દાયકાથી પાકિસ્તાનનું વલણ યથાવત્ રહ્યું છે.તેમણે વધુમાં સવાલ કર્યો હતો કે એપ્રિલ ૨૦૨૫માં બૈસરન ખીણમાં ધર્મના આધારે લોકોને ઓળખીને તેમની હત્યા કરવામાં આવી હતી. એપ્રિલ ૨૦૨૫થી નવેમ્બર ૨૦૨૬ સુધીમાં એવું શું બદલાયું છે કે ભારત પાકિસ્તાનને આમંત્રણ આપી રહ્યું છે? તેમના મતે છેલ્લા ચાર દાયકામાં પણ પાકિસ્તાનના વલણમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. પાકિસ્તાની મંત્રીના આગમનને લઈને હવે કેન્દ્ર સરકારની વિદેશ નીતિ અને સુરક્ષાના મુદ્દે રાજકીય ચર્ચા તેજ બની છે. જોકે, તમામ સભ્ય દેશોને આમંત્રણ આપવાની ભારતની પ્રક્રિયાને લઈને પણ ચર્ચા ચાલી રહી છે.

જહાજમાં સવાર ૨૪ ભારતીય સહિત તમામ ૨૫ ક્રૂ સભ્યો સુરક્ષિત

હોર્મુઝમાં પનામાના ધ્વજવાળા એલપીજી ટેન્કર પર મિસાઈલ હુમલો


નવી દિલ્હી, તા.૧૭

હોર્મુઝ જળમાર્ગમાં વેપારી જહાજોને નિશાન બનાવવાની ઘટનાઓ વચ્ચે ૧૬ નવેમ્બરે પનામાના ધ્વજવાળા એલપીજી ટેન્કર 'તારા ગેસ' પર મિસાઈલ હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, સદનસીબે જહાજમાં સવાર તમામ લોકો સુરક્ષિત બચી ગયા હતા. કેન્દ્રીય જહાજ પરિવહન મંત્રી સર્બાનંદ સોનોવાલે મંગળવારે આ માહિતી આપતાં જણાવ્યું હતું




કે હુમલા સમયે જહાજમાં ૨૪ ભારતીય નાગરિકો સહિત કુલ ૨૫ ક્રૂ સભ્યો સવાર હતા. તમામ લોકો સુરક્ષિત છે અને કોઈને ઈજા થઈ નથી. સોનોવાલે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે સરકાર સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે. ભારતીય નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જહાજનું સંચાલન કરતી કંપની સાથે પણ સતત સંપર્ક જાળવવામાં આવી રહ્યો છે. ઘટના બાદ ભારતીય નાવિકોની સુરક્ષાને લઈને સતર્કતા વધારવામાં આવી છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૮-૧૧-૨૦૨૬

કૃષ્ણનગરથી ઉપડેલી બગસરા ડેપોની બસ પર દારૂડીયાનો પથ્થરમારો

બગસરા,તા.૧૭

કૃષ્ણનગરથી સોમવારે વહેલી સવારે બગસરા આવવા નિકળેલી બસ ઈસ્કોન પાસે પહોંચતા એક દારૂડીયાએ પથ્થરમારો કરી બસનો પાછળનો કાચ ફોડી નાખતા થોડીવાર મુસાફરોમાં ભયનો માહોલ છવાયો હતો. જો કે દારૂડીયાને ઝડપી પોલીસને સોંપી દેવાયો છે. બગસરા ડેપોની બસ કૃષ્ણનગરથી વહેલી સવારે આવવા માટે નિકળી હતી. તહેવારોને લઈ બસમાં મુસાફરોની ભારે ભીડ હોય બસ ઈસ્કોન પાસે પહોંચતા એક દારૂડીયાએ બસના પાછળના કાચ પર પથ્થરમારો કરતા પથ્થર કાચ ફોડી બસની અંદર આવ્યો હતો. પથ્થરનો ઘા થતા મુસાફરોમાં અફરાતફરી મચી ગઈ હતી. જો કે ડ્રાઈવર જયદેવભાઈ વાઘેલાએ તાત્કાલિક બસ ઉભી રાખી પથ્થરમારો કરનાર દારૂડીયાને ઝડપી બસમાં



તસવીર : મયૂર પંડ્યા

ડ્રાઈવરે સમયસુચકતા વાપરી દારૂડીયાને ઝડપી પોલીસને સોંપ્યો

બેસાડી દીધો હતો અને ૧૧૨માં ફોન કરી પોલીસને સોંપવામાં આવ્યો હતો. પોલીસે દારૂડીયા સામે ફરિયાદ નોંધી કાર્યવાહી કરી હતી. આ ઘટનાની જાણ અમદાવાદ એસ.ટી. વિભાગના અધિકારીઓને કરવામાં આવતા અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા.

અકસ્માત સર્જી કારચાલક ફરાર થયો

શાખપુર ગામ નજીક કારની ટક્કરે બાઈક સવાર પુત્રનું કરૂણ મોત, પિતા ઘાયલ

ગારીયાધાર,તા.૧૭

ગારિયાધાર રોડ પર શાખપુર ગામના ગેટથી દોઢ કિલોમીટર દૂર એક બેફામ ફોરવ્હીલ કાર ચાલકે બાઈકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈક સવાર યુવાન પુત્રનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. લીલીયા તાલુકાના સનાળીયા ગામના રાજુભાઈ ભોળાભાઈ વેકરિયા પોતાના પુત્ર રૂત્વીક અને પુત્રી હેતલબહેન સાથે બાઈક (GJ-38-A-7559) પર ગારિયાધારના ઠાસા ગામે જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવતી ફોરવ્હીલ કાર (GJ-05-RT-6399) બાઈકના હેન્ડલ સાથે અથડાઈ હતી. ટક્કર વાગતા ત્રણેય રસ્તા પર પટકાયા હતા. આ દરમિયાન કારનું ટાયર પુત્ર રૂત્વીકના માથા પર ફરી વળતા ગંભીર ઈજાને કારણે તેનું મોત થયું હતું, જ્યારે પિતા રાજુભાઈને જમણા હાથે ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જી કાર ચાલક વાહન લઈ ફરાર થઈ જતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમરેલીમાં ટ્રાફિકને અડચણરૂપ રિક્ષા પાર્ક કરનાર ચાલક સામે પોલીસની કાર્યવાહી

અમરેલી,તા.૧૭

અમરેલી શહેરના મુખ્ય વિસ્તાર ગણાતા રાજકમલ ચોક પાસે જાહેર રસ્તા પર ટ્રાફિકને અડચણરૂપ અને જોખમરૂપ થાય તે રીતે ઓટોરિક્ષા પાર્ક કરનાર ચાલક વિરુધ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગત તા. ૧૬ નવેમ્બરના રોજ સાંજના સમયે જિલ્લા ટ્રાફિક શાખાના હેડ કોન્સ્ટેબલ હિરેનભાઈ શિવાભાઈ સોલંકી પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન સરદાર ચોક વિસ્તારમાં રહેતા રિક્ષા ચાલક અતુલભાઈ ઉકાભાઈ ખીમાણી પોતાની ઓટોરિક્ષા (નં. GJ-૧૪-Y-૨૫૮૪) જાહેર રોડ પર આડેધડ ઊભી રાખી ટ્રાફિક વ્યવસ્થામાં અવરોધ ઊભો કરતા મળી આવ્યા હતા.રાહદારીઓ અને વાહનચાલકોની સુરક્ષા જોખમાય તે રીતે વાહન પાર્ક કરવા બદલ ટ્રાફિક પોલીસે રિક્ષા ચાલક વિરુધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બગસરાના હડાળામાં સરસ્વતી વંદના ગ્રુપનો સ્નેહમિલન સમારોહ યોજાયો

તેજસ્વી પ્રતિભાઓનું સન્માન, વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયા

બગસરા,તા.૧૭

બગસરા તાલુકાના હડાળા ગામે સરસ્વતી વંદના ગ્રુપ દ્વારા તા. ૯ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં અમદાવાદથી પધારેલા ટેક્સ એડવોકેટ એસોસિએશન



ગુજરાતના પ્રમુખ એડવોકેટ અનિલભાઈ રામજીભાઈ ટીંબડિયા સહિત અનેક તેજસ્વી પ્રતિભાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગામના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. અભ્યાસમાં સારા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાયા હતા. મુખ્ય મહેમાન તરીકે રતિભાઈ બોરડ (ગજાનન ગ્રુપ) અને જયંતીભાઈ કવાણી ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર ખાતે ફરજ બજાવતા ક્લાસ-વન ટી.ડી.ઓ. મલય મધુભાઈ ભુવાનું પણ સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન મધુભાઈ ભુવાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનો ખર્ચ ભાનુભાઈ બોરડ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો.

અમરેલીમાં બાઈકમાં તલવાર અને છરી રાખી આંટાફેરા મારનાર શખ્સ સામે ગુનો

અમરેલી,તા.૧૭

અમરેલીના સેન્ટર પોઈન્ટ અને અખાડાવાળા રસ્તે જાહેર રોડ પર મોટરસાઈકલમાં ઘાતક હથિયારો (તલવાર અને છરી) રાખીને આંટાફેરા મારતા એક શખ્સ સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન સિરાજ ઉર્ફે પપ્પુ નામના શખ્સે પોતાના મોટરસાઈકલ (GJ-14-DN-9600) માં તલવાર અને છરી જેવા હથિયારો ખુલ્લા રાખીને આ વિસ્તારમાં આંતક મચાવ્યો હતો.દરમિયાન ૧૧૨ ની પોલીસ મોબાઈલ વ્હીકલ ત્યાં આવી પહોંચતા જ આરોપી પોતાનું બાઈક અને હથિયારો સાથે ત્યાંથી નાસી છૂટ્યો હતો. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવા બદલ પોલીસે ગુનો નોંધ્યો છે.

રાજુલાના મોટી ખેરાળીમાં મધમાખીઓએ હુમલો કરતા ચાર લોકોને ગંભીર ઈજા

રાજુલા,તા.૧૭

રાજુલા તાલુકાના મોટી ખેરાળી ગામે ખેતરમાં કામ કરી રહેલા ચાર લોકો પર અચાનક મધમાખીઓના ઝુંડે હુમલો કરતાં ચારેયને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં નરેશભાઈ ખોડાભાઈ બારીયા (ઉ.વ.૩૦), હર્ષલભાઈ નરેશભાઈ બારીયા (ઉ.વ. ૧૩), ભરતભાઈ ખોડાભાઈ બારીયા (ઉ.વ. ૩૦)





અને રૂપાલીબેન ભરતભાઈ બારીયા (ઉ.વ. ૨૮)નો સમાવેશ થાય છે. ચારેય મોટી ખેરાળીના રહેવાસી છે. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામને રાજુલાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

મીતીયાળામાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત તપાસ કેમ્પ યોજાયો

જાફરાબાદ,તા.૧૭

જાફરાબાદ તાલુકાના મીતીયાળા ગામે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબી તપાસ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં લોકોને ટીબી રોગ અંગે જાણકારી આપી વહેલું નિદાન થાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સુપરવાઈઝર સંદીપભાઈ જોષી અને તેમની ટીમે સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ મફત નિદાન અને સારવારની સુવિધાઓ અંગે માહિતી આપી હતી. ઉપરાંત


તસવીર : બાબુભાઈ વાઢેળ

નિક્ષય પોષણ યોજના હેઠળ ટીબીના દર્દીઓના બેંક ખાતામાં દર મહિને રૂ. ૧,૦૦૦ જમા કરવામાં આવે છે તે અંગે પણ સમજણ આપવામાં આવી હતી.

લાઠી તાલુકાના નાના રાજકોટ ગામે પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

પોલીસે મૃતદેહને કબજે કરી પીએમ માટે મોકલી આપ્યો

લાઠી,તા.૧૭

લાઠી તાલુકાના નાના રાજકોટ ગામે એક દુઃખદ ઘટના સામે આવી છે. અહીં રહેતી ૨૬ વર્ષીય પરિણીતાએ કોઈપણ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. નાના રાજકોટ ગામે રહેતા ભૂમિતભાઈ કરશનભાઈ બંધીયાના પત્ની આરતીબેન (ઉ.વ.૨૬) દ્વારા ગત તા. ૧૬ નવેમ્બરની વહેલી સવારે આ પગલું ભરવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સી.વી. ચૌહાણ તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.કે. પાંડવ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પોલીસે મૃતદેહને કબજે કરી પીએમ માટે મોકલી આપ્યો છે અને આપઘાતમાં ઉપયોગમાં લેવાયેલ સાડી કબજે કરી છે. પોલીસે અકસ્માત મોત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રેમલગ્ન બાદ ત્રાસથી કંટાળી પિયર ગયેલી પરિણીતાને

અમરેલી તાલુકાના વરસડા ગામે બોલાવી માર મારતા ચાર લોકો સામે ફરિયાદ

અમરેલી,તા.૧૭

અમરેલી તાલુકાના વરસડા ગામે પ્રેમલગ્ન કરનાર એક પરિણીતાને શારીરિક-માનસિક ત્રાસ આપી, સમાધાનના બહાને બોલાવીને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. વરસડા ગામના ગુલાબબેન ચતુરભાઈ દાફડાએ એકાદ વર્ષ પહેલા જીતેશભાઈ રામજીભાઈ સારીખડા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્ન બાદથી જ પતિ જીતેશભાઈ અને અંજુબેન સારીખડા દ્વારા મેણાંટોણાં મારી ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે ગુલાબબેન છેલ્લા વીસેક દિવસથી પોતાના પિયર રિસામણે ગયા હતા.આ દરમિયાન પતિ જીતેશભાઈએ પરિણીતાને વરસડા ગામે બોલાવતા તેઓ સાહેદ સાથે ત્યાં પહોંચ્યા હતા. જ્યાં જીતેશભાઈ, અંજુબેન, વિનોદભાઈ અને મુકેશભાઈ સારીખડાએ એકસંપ થઈ ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ચારેય આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં એક જ દિવસમાં ૧૯ સફળ પ્રસુતિનો રેકોર્ડ નોંધાયો

સાવરકુંડલા,તા.૧૭

અમરેલી જિલ્લાના સાવરકુંડલા સ્થિત કે.કે. મહેતા સરકારી હોસ્પિટલે માત્ર ૨૪ કલાકમાં કુલ ૧૯ સફળ પ્રસુતિઓ સંપન્ન કરી તબીબી ક્ષેત્રે અનોખો રેકોર્ડ સર્જ્યો છે. કુશળ તબીબી ટીમ દ્વારા ૧૬ નોર્મલ અને ૩ સિઝેરિયન પ્રસુતિઓ સફળતાપૂર્વક કરાઈ


તસવીર : સૌરભ દોશી

હતી, જેમાં તમામ ૧૯ માતાઓ અને નવજાત શિશુઓ સંપૂર્ણ સ્વસ્થ છે. હોસ્પિટલ અધિક્ષક ડો. વિવેક તરસરીયા, આર.એમ.ઓ. માલવિકા ચૌધરી અને હેડ નર્સ મીનાક્ષીબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સ્ત્રીરોગ નિષ્ણાતો, એનેસ્થેટિસ્ટ અને નર્સિંગ સ્ટાફે ૨૪ કલાક ખડેપગે સેવા આપી હતી. આધુનિક સાધનોની સુવિધા સાથે 'માતૃ વંદના' અને 'જનની સુરક્ષા યોજના' હેઠળ લાભાર્થી માતાઓને નિઃશુલ્ક સારવાર અપાઈ હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

ખાંભાના નાના બારમણ ગામે ખેત મજૂર મહિલા પર શિયાળનો હુમલો

ખાંભા ,તા.૧૭

ખાંભા તાલુકાના નાના બારમણ ગામે ખેત મજૂર મહિલા પર શિયાળે હુમલો કરતા ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ જયાબેન પરમાર નામની મહિલા ખેતરમાં મજૂરી કામ પૂર્ણ કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે અચાનક શિયાળે તેમના પર હુમલો કર્યો હતો. આ


તસવીર : સંજય વાળા

હુમલામાં મહિલાને હાથ અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજુલા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ અને દીપડાના હુમલાની ઘટનાઓ સામે આવતી હોય છે, પરંતુ ખેત મજૂર મહિલા પર શિયાળના હુમલાની આ ઘટનાથી સમગ્ર પંથકમાં આશ્ચર્ય અને ચકચાર ફેલાઈ છે.

ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ઈંગોરાળામાં રૂ. ૧ કરોડના ખર્ચે સી.સી. રોડનું ખાતમુહૂર્ત

બાબરા,તા.૧૭

બાબરા તાલુકાના ઈંગોરાળા ગામે અંદાજિત રૂ. ૧ કરોડના ખર્ચે નિર્માણ પામનારા સી.સી. રોડના વિકાસકાર્યનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામના આંતરિક માર્ગો મજબૂત બને અને ગ્રામજનોને અવરજવરમાં સરળતા રહે તે હેતુથી આ કામ મંજૂર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જનક



તળાવીયાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓ ગામના સર્વાંગી વિકાસની મહત્વપૂર્ણ કડી છે. રસ્તાઓ સુદૃઢ બનવાથી ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ સહિત તમામ ગ્રામજનોને લાભ મળશે. તેમણે લાઠી-બાબરા-દામનગર મતવિસ્તારમાં રોડ, પાણી, શિક્ષણ અને આરોગ્ય સહિતનાં પાયાનાં કામોને પ્રાથમિકતા આપવાની ખાતરી આપી હતી. કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ભાજપના આગેવાનો, સરપંચ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ વિકાસકાર્ય બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સમસ્ત લેઉવા પટેલ સમાજ, શુભમ ચેરીટેબલ ટ્રસ્ટ લાઠી દ્વારા સમૂહ લગ્ન ઉત્સવ યોજાશે

લાઠી,તા.૧૭

ખોડલધામ પ્રેરિત સમસ્ત લેઉવા પટેલ સમાજ શુભમ ચેરીટેબલ ટ્રસ્ટ લાઠી દ્વારા ૧૩મો સમૂહ લગ્નોત્સવ યોજાશે. તા.૨૨ને રવિવારના રોજ ૭ યુગલો પ્રભુતામાં પગલાં માંડી જીવનની શરૂઆત કરશે. લાઠીના કલાપી વિનય મંદિર ભવાની સર્કલ ખાતે શુભ લગ્ન સ્થળ અને ભોજન સ્થળનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નોત્સવમાં અમરેલી જિલ્લાના સમાજના રાજસ્વી મહાનુભાવો ખાસ હાજર રહેશે તેમજ ખોડલધામના ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહેશે.સાથો સાથ ખોડલધામ મહિલા સમિતિ અમરેલીના અગ્રણીઓ પણ હાજર રહેશે. તા. ૨૨ ના રોજ બપોરના ૩ થી ૬ કલાક સુધી શુભમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રેડક્રોસ બ્લડ બેન્ક અમરેલીના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્નોત્સવમાં હાજર રહેલા મહાનુભાવો, દાતાઓ અને સમાજના અગ્રણીઓ નવદંપતીઓને આશીર્વાદ પાઠવશે.

સા.કુંડલા શંકરા આર્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે સંગીત-ચિત્રકલાની પરીક્ષામાં ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન પરીક્ષાનું આયોજન કરાયું

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલામાં શંકરા આર્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ સંગીત અને ચિત્રકલાની વિવિધ પરીક્ષામાં ભાગ લીધો હતો. ગિટાર, પિયાનો, ગાયન,


તસવીર : સૌરભ દોશી

હાર્મોનિયમ, તબલાં, પેઇન્ટિંગ, ડ્રોઈંગ અને સ્કેચિંગ જેવી વિવિધ વિદ્યાઓની પરીક્ષાનું આયોજન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવ્યું હતું.

વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં પાંચ વર્ષના બાળકથી લઈને ૫૮ વર્ષના નિવૃત્ત અધિકારીએ પરીક્ષા આપી હતી, જે સાબિત કરે છે કે કલા શીખવાની કોઈ ઉંમર નથી હોતી. ઈન્સ્ટિટ્યૂટ દ્વારા દરેક વ્યક્તિમાં રહેલી કળાને ઓળખીને યોગ્ય મંચ પૂરું પાડવામાં આવે છે.

દામનગરમાં ખુલ્લી ગટરોના કારણે અકસ્માત થવાનો ભય

દામનગર,તા.૧૭



દામનગરમાં ગારિયાધાર રોડ પર વાલ્મીકિ વાસને અડીને આવેલ ગંદા પાણીના નિકાલ માટેની ગટર ઢાકવામાં અધૂરી રાખી દેવાઈ છે. આવી ખુલ્લી ગટરોને કારણે વાહન વ્યવહારની સતત અવરજવર અને રહેણાંક વિસ્તારના લોકો અને પશુઓ માટે જોખમી અને કોઈપણ સમયે અકસ્માત થવાનો ભય રહે છે. સ્થાનિકો આવી ખુલ્લી ગટરને તાકીદે ઢાંકવામાં આવે એવી માગણી નગરપાલિકા તંત્ર સમક્ષ કરી રહ્યા છે.

અમરેલીના લાઠી રોડ બાયપાસ પર અજાણ્યા વાહનની ટક્કરે બાઈક સવાર યુવાનનું મોત

અમરેલી,તા.૧૭

અમરેલી શહેરના લાઠી રોડ બાયપાસ પર ટોયોટા શો-રૂમની સામે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહીં પૂરઝડપે અને બેફિકરાઈથી દોડતા એક અજાણ્યા વાહને મોટરસાઈકલને ટક્કર મારતા બાઈક સવાર યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. નિવૃત્ત જીવન જીવતા વિનુભાઈ ભગવાનભાઈ સોસાના ભત્રીજા પોતાના મિત્ર સાથે મોટરસાઈકલ પાછળ બેસીને રાત્રિના સમયે ઘર તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન લાઠી રોડ બાયપાસ પર અજાણ્યા વાહન ચાલકે પોતાના વાહનને ગફલતભરી રીતે ચલાવી મોટરસાઈકલ સાથે અથડાવ્યું હતું. આ ગંભીર અકસ્માતમાં ફરિયાદીના ભત્રીજાને ગંભીર ઈજાઓ થવાથી તેમનું સ્થળ પર જ મોત થયું હતું. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

કબૂતર બાબતે બોલાચાલી બાદ સા.કુંડલાના નાળ ગામે યુવાન પર હુમલો

અમરેલી,તા.૧૭

સાવરકુંડલા તાલુકાના નાળ ગામે કબૂતરના માલિકી હક બાબતે થયેલી બોલાચાલીમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને એક યુવાન પર લોખંડના પાઈપ અને લાકડાના બડીયાથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે.

ગત તા. ૧૫ નવેમ્બરની રાત્રીએ આ બનાવ બન્યો હતો. નાળ ગામના વિશાલભાઈ સોમાભાઈ સાપાવડિયાના ઘરે આરોપીઓ હાર્દિકભાઈ ચંદુભાઈ મકવાણા, રિંકલબેન ચંદુભાઈ મકવાણા અને કૈલાશબેન ચંદુભાઈ મકવાણા ધસી આવ્યા હતા. આરોપીઓએ ફરિયાદીના ઘરે પાળેલા કબૂતરો પોતાના હોવાનો દાવો કર્યો હતો. જો કે, ફરિયાદી અને સાહેદે કબૂતરો પોતાના હોવાનું જણાવતા આરોપીઓને સારું લાગ્યું ન હતું.આ બાબતે ઉશ્કેરાઈને આરોપીઓએ ફરિયાદી તથા સાહેદને ગાળો આપી હતી. જેમાં હાર્દિકભાઈએ લોખંડના પાઈપનો ઘા ફરિયાદીના માથાના ભાગે મારતા બે ટાંકા આવ્યા હતા, જ્યારે રિંકલબેને લાકડાના બડીયાથી મુંઢ ઈજા પહોંચાડી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બે મહિલાઓ સહિત ત્રણ શખ્સોએ માર માર્યો



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું છતડીયા હેલિપેડ ખાતે સ્વાગત

અમરેલી,તા.૧૭

રાજુલા તાલુકાના સમૂહ ખેતી અને કોટડીપરા ખાતે ગ્રામ કલ્યાણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આવેલા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું છતડીયા હેલિપેડ ખાતે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યો હીરા સોલંકી, મહેશ કસવાળા, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ સહિતના અધિકારીઓ અને મહાનુભાવોએ પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા.

-:: જાહેર નોટીસ ::-

ગીર ગઢડાના નામદાર જયુડી.મેજી.ફ.ક. જજ સાહેબની કોર્ટમાં, મું - ગીર ગઢડા.

ફો.પ.અ.નં.૧૪૦/૨૦૨૬

નોતરીયા મુકેશકુમાર બાબુલાલ
રહે.ગીર ગઢડા, તા.ગીર ગઢડા,જી.ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ અધીકારીશ્રી
ગીર ગઢડા ગ્રામપંચાયત .....સામાવાળા
અરજદારના વિ.વકીલ શ્રીઃ- એન.એ.ગોહીલ

આથી જાહેર જનતા જોગ જણાવવાનુ કે, ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમા ફો.પ.અ.નં.૧૩૯/૨૦૨૬થી મરણનુ પ્રમાણ પત્ર મેળવવા અરજી કરેલ છે, ઉપરોકત અરજદાર નોતરીયા મુકેશકુમાર બાબુલાલ નાઓ એ તેમની માતા ભાનુબેન બાબુલાલ નોતરીયા નાઓનુ મરણનુ પ્રમાણ પત્ર મેળવવા માટે અરજી કરેલ તો આ બાબતમાં જે કોઈ ને પણ વાંધા કે તકરાર હોય તો મુદત તારીખઃ-૦૮/૧૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા તમોને કોઈને પણ કાંઇ વાંધો નથી એમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૪ માહે નવેમ્બર સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી (આર.એ.ઝાલા) આસીસ્ટન્ટ મુખ્ય સિવિલ કોર્ટ, ગીર ગઢડા

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (એસ.પી.ચાવડા) રજીસ્ટ્રાર, મુખ્ય સીવીલ કોર્ટ, ગીર ગઢડા

-:: જાહેર નોટીસ ::-

ગીર ગઢડાના નામદાર જયુડી.મેજી.ફ.ક. જજ સાહેબની કોર્ટમાં, મું - ગીર ગઢડા.

ફો.પ.અ.નં.૧૩૯/૨૦૨૬

અમૃતલાલ ખોડાભાઈ પોરીયા
રહે.સનવાવ, તા.ગીર ગઢડા,જી.ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ અધીકારીશ્રી
ગીર ગઢડા ગ્રામપંચાયત .....સામાવાળા
અરજદારના વિ.વકીલ શ્રીઃ-એન.એ.ગોહીલ

આથી જાહેર જનતા જોગ જણાવવાનુ કે, ઉપરોકત અરજદારે અત્રેની કોર્ટમા ફો.પ.અ.નં.૧૩૯/૨૦૨૬થી જન્મનુ પ્રમાણ પત્ર મેળવવા અરજી કરેલ છે, ઉપરોકત અરજદાર અમૃતલાલ ખોડાભાઈ પોરીયા નાઓ એ તેમના પૌત્ર મીવાન કમલેશ પોરીયા નાઓનુ જન્મનું પ્રમાણ પત્ર મેળવવા માટે અરજી કરેલ તો આ બાબતમાં જે કોઈ ને પણ વાંધા કે તકરાર હોય તો મુદત તારીખઃ-૦૮/૧૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે અત્રેની અદાલતમાં હાજર રહેવુ અન્યથા તમોને કોઈને પણ કાંઇ વાંધો નથી એમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ તારીખ ૦૪ માહે નવેમ્બર સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી (આર.એ.ઝાલા) આસીસ્ટન્ટ મુખ્ય સિવિલ કોર્ટ, ગીર ગઢડા

કોર્ટનો સિક્કો

હુકમથી સહી (એસ.પી.ચાવડા) રજીસ્ટ્રાર, મુખ્ય સીવીલ કોર્ટ, ગીર ગઢડા







તંત્રી લેખ

સોનિયાની સ્મરણયાત્રા એટલે રાજકારણથી દૂર એક સંવેદનશીલ કહાની

નવી દિલ્હીની આઈટીસી મૌર્ય હોટેલના સભાગૃહમાં યોજાયેલો સોનિયા ગાંધીના સંસ્મરણ પુસ્તક 'બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ'નો વિમોચન સમારોહ માત્ર સાહિત્યિક ઘટના નહીં, પરંતુ ભારતીય લોકશાહીમાં માનવીય સંબંધો અને સૌજન્યના અનોખા સંગમનું પ્રતીક બની રહ્યો છે. ઈટાલીના નાનકડા નગર ઓર્બાસાનોથી પ્રેમના તાંતણે બંધાઈને ભારત આવેલી એક યુવતીની અજાણ્યા દેશને પોતાનો બનાવવાની આંતરિક યાત્રા આ પુસ્તકમાં આલેખવામાં આવી છે. હાર્પરકોલિન્સ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત આ પુસ્તકની પ્રથમ સપ્તાહમાં જ અંદાજે બે લાખ નકલોનું વેચાણ થવું એ વાચકોના પ્રેમ અને રુચિનું પ્રમાણ છે.

વિમોચન પ્રસંગે સોનિયા ગાંધીએ અત્યંત નિર્મળ ભાવે જણાવ્યું કે તેમના અને તેમના પરિવાર વિશે ઘણું બધું અસત્ય અને કલ્પનાઓ લખાયા છે, તેથી જ તેમણે એક માતા, પત્ની, પુત્રવધૂ અને નાગરિક તરીકે પોતાનું સત્ય લોકો સમક્ષ મૂકવાનું પસંદ કર્યું છે. પુસ્તકમાં તેમણે રાજીવ ગાંધી સાથેના પ્રથમ મિલનથી લઈને સાસુ ઈન્દિરા ગાંધી સાથેના શરૂઆતના ડર અને ત્યારબાદ આત્મીયતામાં પરિણમેલા સંબંધો તથા પરિવાર પર આવેલી બે કરુણ હત્યાઓના આઘાત બાદ બાળકોના ઉછેરની સંવેદનશીલ સફર વર્ણવી છે. તેમણે 'બિલોંગિંગ' એટલે કે પોતીકાપણાનો અર્થ સમજાવતા કહ્યું કે બહારના હોવાના ભાવમાંથી પસાર થઈને આ દેશ અને તેના લોકોને પોતાના બનાવવાની આ યાત્રા છે.

આ સમારોહમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા ઉપરાંત વિવિધ વિરોધ પક્ષોના દિગ્ગજ નેતાઓ જેવા કે હેમંત સોરેન, ઓમર અબ્દુલ્લા, અખિલેશ યાદવ, અભિષેક બેનર્જી, સુપ્રિયા સુલે, ફારુક અબ્દુલ્લા, ડી. કે. શિવકુમાર અને સુખવિંદર સિંહ સુખુની હાજરીએ આ પ્રસંગને સર્વપક્ષીય સૌજન્યનું રૂપ આપ્યું હતું.

જોકે, આ કાર્યક્રમની સૌથી ચર્ચાસ્પદ અને ભાવુક ક્ષણ ત્યારે સર્જાઈ જ્યારે રાહુલ ગાંધીએ મંચ પરથી પ્રથમ હરોળમાં બેઠેલા ભાજપના નેતા અને પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંહને સંબોધીને પોતાના બાળપણનો એક પ્રસંગ યાદ કર્યો. રાહુલ ગાંધીએ હળવાશથી જણાવ્યું કે તેમણે પોતાના માતા-પિતાને માત્ર એક જ વાર ઝઘડતા જોયા હતા અને તે સમયે રાજીવ ગાંધી ફોન પર અમરિન્દર સિંહ સાથે વાત કરી રહ્યા હતા. આ ઉપરાંત, ભોજન સમયે માતા સોનિયા ગાંધી પિતાના ખોળામાં બેસતાં હતાં તે નિર્દોષ સંસ્મરણ વાગોળતા સભાગૃહમાં હાસ્ય અને ભાવુકતા છવાઈ ગયાં હતાં.

રાજીવ ગાંધી અને અમરિન્દર સિંહની શાળાના સમયની મિત્રતા દાયકાઓ સુધી અકબંધ રહી છે. ૨૦૨૧માં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હોવા છતાં ૮૪ વર્ષીય અમરિન્દર સિંહ નાદુરસ્ત તબિયત વચ્ચે પણ જૂના મિત્રના પરિવારના આનંદમાં સહભાગી થવા આવ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે આ એક સામાજિક પ્રસંગ છે અને તેમાં કોઈ રાજકીય અર્થ શોધવાની જરૂર નથી, કારણ કે અગાઉ તેમના પુસ્તક વિમોચનમાં પણ સોનિયા ગાંધી ત્રણ વખત હાજર રહ્યાં હતાં. વરિષ્ઠ નેતાઓ સલમાન ખુર્શીદ અને અંબિકા સોનીએ પણ આ મુલાકાતને માત્ર વ્યક્તિગત અને પારિવારિક સંબંધોની ગરમાહટ ગણાવી હતી.

આજના સમયમાં જ્યારે રાજકારણમાં કડવાશ અને વિરોધ વધી રહ્યાં છે, ત્યારે વિરોધી છાવણીના નેતાઓનું આ રીતે એક મંચ પર હસતાં-મળતાં બેસવું એ ભારતીય સંસ્કૃતિની 'મતભેદ છતાં મનભેદ નહીં' રાખવાની પરંપરાને ઉજાગર કરે છે. આ પ્રસંગે સાબિત કર્યું કે સત્તા અને પક્ષો બદલાતા રહે છે, પરંતુ પ્રેમ, આદર અને માનવીય સંબંધો જ સમાજ અને લોકશાહીની સાચી સમૃદ્ધિ છે.

સાવરકુંડલામાં જલારામ જયંતિ નિમિત્તે થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન

સાવરકુંડલા,તા.૧૭



સંત શિરોમણી પરમ પૂજ્ય જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે સાવરકુંડલામાં અનોખી અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શોભાયાત્રા અને સમૂહ ભોજન જેવા કાર્યક્રમોની સાથે સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને થેલેસેમિયાના નિદાન માટે એક વિશાળ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે સાગર મશરૂએ જણાવ્યું હતું કે, થેલેસેમિયા જેવી ગંભીર બીમારી સામે નાની સાવચેતી અને સમયસરનું નિદાન ખૂબ જ મોટું રક્ષણ પૂરું પાડે છે. આ કેમ્પમાં ૧૦થી ૩૫ વર્ષની વયજૂથના લોહાણા સમાજના બાળકો અને યુવાનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો છે અને ઓન-સ્પોટ રજીસ્ટ્રેશન કરાવીને આ સેવાકીય યજ્ઞમાં જોડાયા છે. આ ભગીરથ કાર્ય લોહાણા મહાપરિષદ ઝોન ૪, લોહાણા મહાપરિષદ સાવરકુંડલા તાલુકા અને લોહાણા મહાજન ટ્રસ્ટ સાવરકુંડલાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, રેડ ક્રોસ બ્લડ બેંક, ભાવનગરનો પણ સહયોગ સાંપડ્યો છે.

ચલાલા-ધારી રોડ પર સ્વીફ્ટ કારની ટક્કરે બાઈક સવાર યુવાન ઘાયલ

અમરેલી,તા.૧૭

ધારી તાલુકાના સરસીયા ગામથી ચલાલા તરફ આવી રહેલા મોટરસાઈકલ સવાર યુવાનને ગોપાલગ્રામ ચોકડી પાસે એક બેફામ સ્વીફ્ટ કાર ચાલકે અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં યુવાનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સરસીયા ગામના સિકંદરભાઈ રસુલભાઈ બેલીમના પુત્ર રેહાનભાઈ સ્પ્લેન્ડર બાઈક (GJ-૧૪-BJ-૯૭૮૨) લઈને જઈ રહ્યા હતા. તે દરમિયાન ચલાલા-ધારી રોડ પર ગોપાલગ્રામ ચોકડી પાસે પૂરઝડપે અને ગફલતભરી રીતે આવતી સ્વીફ્ટ કાર (GJ-14-AP-9902) ના ચાલકે બાઈક સાથે કાર અથડાવી હતી. આ અકસ્માતમાં ઈજા પામનાર યુવાનને માથામાં ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. બનાવ બાદ કાર ચાલક વાહન લઈને નાસી છૂટતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

રાજુલાના ડુંગરમાં પૂરઝડપે બાઈક ચલાવતો યુવાન ઝડપાયો


અમરેલી,તા.૧૭

રાજુલા તાલુકાના ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત તા. ૧૬ નવેમ્બરના રોજ સાંજે ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વનરાજભાઈ ધાખડા પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન દેવકા ગામના રોહિતભાઈ ચિમનભાઈ ગુજરીયા (ઉ.વ.૨૨) પોતાની હોન્ડા એસ.પી. શાઈન બાઈક (GJ-14-BM-3099) અત્યંત પૂરઝડપે ચલાવતા મળી આવ્યો હતો.પોલીસે યુવાનને ઝડપી પાડી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આમ, પોલીસની કડક કાર્યવાહીને કારણે રાજુલા પંથકમાં પૂર ઝડપે બાઈક ચલાવતા નબીરાઓમાં ફફડાટ ફેલાયો છે. પોલીસ હજુ પણ બેફિકરાઈભર્યું વાહન ચલાવતા ચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરશે તેમ જાણવા મળ્યુ છે.

સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળમાં ભવ્ય અન્નકૂટ મહોત્સવ યોજાયો, ભાવિકોએ દર્શન કર્યા

સાવરકુંડલા, તા.૧૭



શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમાન સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા ખાતે ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરા અનુસાર ભવ્ય અન્નકૂટ મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ગુરુકુળમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજ સમક્ષ વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફરસાણ, ફળો અને સ્વાદિષ્ટ વ્યંજનો સહિતની અસંખ્ય વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુરુકુળના વડા શાસ્ત્રી સ્વામી ભગવતપ્રસાદદાસજી તથા મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી અક્ષરમુક્તદાસજી ઉપસ્થિત રહ્યા હતા. સંતો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને હરિભક્તોએ અન્નકૂટ દર્શનનો લાભ લીધો હતો. સંતોએ અન્નકૂટનું આધ્યાત્મિક મહત્ત્વ સમજાવી ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા, અન્નનો આદર અને સેવાભાવ રાખવાનો સંદેશ આપ્યો હતો. ભક્તિમય માહોલમાં મહોત્સવ સંપન્ન થયો હતો.

અમરેલી જિલ્લામાં દારૂ પીને જાહેરમાં ફરતા પાંચ ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં પોલીસે પ્રોહીબિશન અંગે સઘન ચેકિંગ હાથ ધરીને ગેરકાયદેસર રીતે વગર પાસ-પરમિટ વગર કેફી પીણું (દારૂ) પીધેલી હાલતમાં જાહેરમાં ઝડપાયેલા પાંચ શખ્સો વિરુધ્ધ કાયદેસરની ગુનાહિત કાર્યવાહી હાથ ધરી છે.

ખાંભાના નવા માલકનેશ ગામેથી માવજીભાઈ જાદવ, બાબરાના મોટા દેવળીયા ગામેથી કિશોરભાઈ દાફડા, લીલીયા ટાઉનમાંથી સંજયભાઈ ઓગાણીયા, અમરેલી ગ્રામ્યના ગાવડકા ગામમાંથી જગદીશભાઈ રાઠોડ અને રાજુલા ટાઉનમાંથી હિરેનભાઈ વાળાને પોલીસે પકડી પાડ્યા હતા. આ તમામ આરોપીઓ કોઈપણ પ્રકારના પાસ કે પરમિટ વિના નશાની હાલતમાં જાહેરમાં મળી આવ્યા હતા. પોલીસે તમામ વિરુધ્ધ પ્રોહીબિશન કલમ ૬૬(૧)બી મુજબ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસે તમામ સામે પ્રોહિબિશન હેઠળ ગૂનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી

છભાડિયા ગામે પરિણીતાની છેડતી કરતા પોલીસ ફરિયાદ

પરિણીતાએ રઘુભાઈ ભુરાભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી

લાઠી, તા. ૧૭

લાઠીના છભાડિયા ગામે પરિણીતાને બાથ ભરી છેડતી કરી હતી, તેમજ તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે પરિણીતાએ રઘુભાઈ ભુરાભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીએ તેમના રહેણાંક મકાનમાં ગેરકાયદે પ્રવેશ કરી પાછળથી બાથ ભરીને અડપલાં કર્યા હતા, તેમજ છેડતી કરી તેમના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૫૦	૧૮૯૦
ઘઉં લોકવન	૫૮૫	૬૭૦
ઘઉં ટુકડા	૫૮૦	૭૪૦
જુવાર સફેદ	૧૩૭૫	૨૦૧૨
જુવાર લાલ	૧૦૫૦	૧૩૭૫
જુવાર પીળી	૫૫૦	૭૦૧
બાજરી	૪૫૦	૫૭૨
તુવેર	૧૪૪૦	૨૦૪૮
ચણા પીળા	૧૪૬૦	૧૫૩૦
ચણા સફેદ	૧૬૭૫	૨૨૪૧
અડદ	૧૪૪૦	૨૦૪૦
મગ	૧૨૦૦	૧૭૬૨
વાલ દેશી	૭૪૦	૧૫૮૦
ચોળી	૧૦૫૦	૧૬૫૦
મઠ	૨૦૦૦	૨૩૨૪
વટાણા	૫૫૦	૧૦૨૪
કળથી	૬૨૫	૧૫૫૦
રાજમા	૨૦૦૦	૨૩૫૪
સીંગદાણા	૧૮૭૦	૨૦૫૪
મગફળી જાડી	૧૨૨૫	૧૭૩૦
મગફળી જીણી	૧૨૬૧	૧૮૩૫
તલી	૨૬૨૦	૩૫૨૦
એરંડા	૧૩૦૦	૧૫૬૪
સોયાબીન	૧૩૫૦	૧૫૦૦
સીંગફાડા	૧૬૧૫	૧૬૮૨
કાળા તલ	૨૬૫૦	૩૮૩૫
લસણ	૧૨૦૦	૨૬૦૦
ધાણા	૨૮૦૦	૩૦૮૬
મરચા સુકા	૨૪૦૦	૫૭૦૦
ધાણી	૨૬૦૦	૩૨૨૧
વરીયાળી	૨૬૨૫	૩૩૦૦
જીરૂ	૪૭૦૦	૫૨૦૦
રાય	૧૫૦૦	૧૬૦૦
મેથી	૧૪૭૦	૧૬૬૧
કલોંજી	૫૦૦૧	૫૩૪૦
રાયડો	૧૪૪૦	૧૭૦૦
રજકાનું બી	૬૫૫૦	૬૪૦૦
ગુવારનું બી	૧૪૫૦	૧૭૫૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૬૧૨	૧૮૨૧
પપૈયા	૧૫૪	૩૦૩
બટેટા	૧૧૫	૩૫૦
ડુંગળી સુકી	૨૫૦	૭૭૦
ટમેટા	૨૨૭	૪૧૧
સુરણ	૪૧૮	૬૧૨
કોથમરી	૪૨૧	૬૨૩
મુળા	૩૦૭	૪૯૧
રીંગણા	૧૭૭	૨૯૫
કોબીજ	૨૦	૪૦
ફ્લાવર	૨૨૧	૪૧૪
ભીંડો	૬૦૧	૮૨૨
ગુવાર	૮૨૫	૧૩૭૨
ચોળાસીંગ	૬૧૪	૬૬૯
વાલોળ	૩૮૩	૭૯૮
ટીંડોળા	૧૧૦	૩૦૨
દુધી	૨૯૩	૪૮૮
કારેલા	૩૧૭	૪૨૬
સરગવો	૪૦૧	૭૬૬
તુરીયા	૬૧૪	૮૧૯
પરવર	૫૧૧	૭૨૧
કાકડી	૫૨૫	૮૯૦
ગાજર	૩૨૬	૬૧૫
વટાણા	૧૪૨૩	૨૦૨૫
તુવેરસીંગ	૪૧૮	૬૨૪
ગલકા	૪૨૮	૬૧૫
બીટ	૧૧૮	૪૧૩
મેથી	૨૧૯	૩૧૦
વાલ	૬૮૫	૧૧૭૯
ડુંગળી લીલી	૩૨૧	૫૧૩
આદુ	૧૧૨૩	૨૦૨૭
મરચા લીલા	૨૧૮	૪૨૩
હળદર લીલી	૫૯૧	૮૮૩
લસણ લીલું	૩૦૩૪	૩૫૫૯
મકાઇ લીલી	૨૦૧	૩૧૨

ગોંડલ

ઘઉં લોકવન	૫૮૦	૬૬૬
ઘઉં ટુકડા	૫૩૬	૭૩૨
સિંગદાણા જાડા	૧૮૦૦	૨૧૯૧
સિંગ ફાડીયા	૧૧૦૧	૨૨૦૦
એરંડા/એરંડી	૧૪૬૧	૧૬૨૧
તલ લાલ	૩૧૬૧	૩૧૬૧
કલંજી	૩૩૦૧	૫૨૦૧
ધાણા	૨૮૦૧	૩૩૨૧
અડદ	૭૦૧	૨૦૧૧
તુવેર	૫૦૧	૨૦૩૧
રાય	૧૭૦૦	૧૭૦૦
મેથી	૧૪૦૧	૧૭૧૧
કાંગ	૯૯૧	૯૯૧
મરચા	૨૪૦૧	૬૩૦૧
સફેદ ચણા	૧૦૫૧	૨૪૩૧
તલ - તલી	૨૭૭૬	૩૪૧૧
ધાણી	૨૯૦૧	૩૩૪૧
બાજરો	૪૬૧	૫૨૧
જુવાર	૧૩૦૧	૧૭૯૧
મકાઇ	૫૪૧	૫૭૧
મગ	૧૦૭૬	૧૮૫૧
ચણા	૧૧૦૧	૧૫૦૬
વાલ	૭૦૧	૧૭૪૧
ચોળા/ચોળી	૧૨૨૬	૧૫૦૧
સોયાબીન	૧૧૫૧	૧૫૦૬
ગોગળી	૮૫૧	૧૩૦૦
વટાણા	૪૨૧	૮૫૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૧૮૦	૫૦૦
મરચા	૧૦૦	૬૦૦
ગુવાર	૧૦૦	૧૨૦૦
કોબી	૨૦	૧૪૦
દુધી	૨૦૦	૪૪૦
ફ્લાવર	૩૦	૩૦૦
કાકડી	૨૦૦	૧૦૦૦
રીંગણા	૨૦	૩૦૦
ભીંડો	૨૦૦	૧૧૦૦
ગલકા	૨૦૦	૭૦૦
ગાજર	૨૦૦	૯૦૦
ટિંડોરા	૧૦૦	૫૦૦
તુવેર	૨૦૦	૮૦૦
વાલ	૧૮૦	૧૪૦૦
વટાણા	૨૦૦	૧૬૦૦
કેરી કાચી	૧૦૦૦	૩૦૦૦
બટેટા	૧૪૦	૨૬૦
લીલી હળદર	૫૦૦	૮૦૦
ડુંગળી પુરા	૩	૧૦
તાંજરીયા પુરા	૨	૫
કોથમીર પુરા	૨	૪
મૂળા પુરા	૫	૭
ફુદીનો પુરા	૨	૫
ચૂણ	૧૮૦	૧૦૦૦
અળવીપાન	૫	૧૦
ઘીસોડા	૨૦૦	૧૪૦૦
લીંબુ	૨૦૦	૨૦૦૦
મેથી પુરા	૧	૮
બીટ પુરા	૪	૧૫
સરગવો પુરા	૮	૨૦
ચોરા	૨૦૦	૧૦૦૦
કારેલા	૧૮૦	૫૦૦
વાલોર	૨૦૦	૬૦૦
કાચા પોપૈયા	૧૦૦	૪૦૦
આદુ	૨૦૦	૧૬૦૦
પાલક પુરા	૧	૪

અમરેલી

શિંગ મઠડી	૧૩૮૦	૧૬૪૦
ગીરનાર શિંગ	૧૧૦૫	૧૫૮૫
શિંગ મોટી	૧૧૧૫	૧૬૦૫
શિંગ ાણા ફાડા	૧૮૨૫	૧૯૦૦
તલ સફેદ	૨૯૦૦	૩૯૨૫
તલ કાળા	૨૫૦૦	૪૧૫૫
તલ કાશમીરી	૨૫૦૦	૩૨૯૫
બાજરો	૪૫૦	૬૨૦
જુવાર	૬૬૦	૧૭૬૦
ઘઉં ટુકડા	૫૬૦	૭૩૫
ઘઉં લોકવન	૫૮૦	૬૫૦
મકાઇ	૩૫૫	૬૭૫
અડદ	૧૫૬૦	૧૬૪૫
ચણા	૧૦૨૦	૧૫૨૫
સફેદ ચણા	૧૫૦૦	૧૫૦૫
તુવેર	૯૦૦	૧૬૯૦
કપાસ	૧૫૫૦	૧૯૧૦
રાય	૧૭૮૫	૧૭૮૫
ધાણી	૨૫૦૦	૩૧૬૫
મેથી	૧૪૬૫	૧૫૩૦
સોયાબીન	૧૧૬૦	૧૪૭૫
રજકાનું બી	૫૬૫૦	૮૭૦૦
મરચાં લાંબા	૨૩૦૦	૫૨૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૩૦	૨૯૦
રીંગણા	૩૦૦	૭૦૦
ફ્લાવર	૨૦૦	૨૫૦
કોબીજ	૧૫૦	૨૦૦
શક્કરીયા	૮૭૦	૧૦૦૦
ટમેટાં	૩૫૦	૪૫૦
સુરણ	૯૭૦	૧૦૪૦
ગાજર	૬૦૦	૭૧૦
દુધી	૩૦૦	૪૦૦
કારેલા	૩૮૦	૪૯૦
ગલકા	૫૨૦	૬૩૦
મૂળા	૨૨૦	૩૩૦
કાકડી	૫૦૦	૭૮૦
ગુવાર	૬૦૦	૯૦૦
વાલોળ	૪૦૦	૫૦૦
વટાણા	૧૦૦૦	૨૦૦૦
ચોળા લીલા	૬૦૦	૮૩૦
તુરીયા	૮૦૦	૯૦૦
વાલ	૧૦૫૦	૧૧૨૦
ચીભડા	૭૩૦	૧૦૨૦
ભીંડો	૭૨૦	૮૦૦
હળદર લીલી	૮૩૦	૯૨૦
આદુ	૧૧૨૦	૧૨૨૦
કોથમીર	૬૧૦	૧૦૨૦
મેથીભાજી	૪૦૦	૫૦૦
ફુદીનો	૮૦૦	૯૦૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૫૩૦	૬૩૦
મકાઇ	૨૫૦	૩૮૦
સરગવો	૬૨૦	૮૫૦
લીમડો મીઠો	૧૭૦	૨૦૦
મરચાં લીલાં	૪૦૦	૧૦૦૦
મરચાં લાલ	૬૦૦	૧૧૦૦
ડુંગળી લીલી	૪૧૦	૫૨૦
ડુંગળી સુકી	૫૦૦	૧૦૦૦
લસણ લીલું	૩૫૦૦	૪૦૦૦
લસણ સુકું	૧૫૫૦	૨૪૫૦
લીલી તુવેર	૬૦૦	૮૦૦
લીંબુ	૧૪૦૦	૧૮૦૦
પાલક	૫૨૦	૬૩૦

સાવરકુંડલા

શીંગ જાણી	૧૩૦૦	૧૭૦૦
શીંગ મોટી	૧૩૫૦	૧૬૭૫
તલ સફેદ	૩૧૫૦	૩૭૯૯
તલ કાળા	૩૪૦૦	૩૯૭૨
જીરૂ	૪૯૧૧	૫૪૫૧
કપાસ	૧૮૦૦	૧૯૧૭
ઘઉં લોકવન	૫૨૧	૬૩૫
ઘઉં ટુકડા	૬૦૦	૬૯૪
બાજરો	૪૧૧	૬૫૨
જુવાર	૭૦૦	૧૧૦૧
અડદ	૧૨૫૦	૧૮૯૦
ચણા	૧૨૨૦	૧૫૦૦
તુવેર	૧૫૦૦	૧૮૧૦
મેથી	૧૦૦૦	૧૪૧૧
ધાણા	૩૦૦૦	૩૩૫૧
સોયાબીન	૧૩૦૦	૧૪૨૫

બાબરા

કપાસ	૧૭૪૦	૧૯૨૫
કપાસ મીડી.	૧૬૪૦	૧૮૧૦
મગફળી	૧૪૨૧	૧૫૭૫
તલ સફેદ	૩૧૪૦	૩૪૯૦
તલ કાળા	૩૭૩૦	૪૦૧૧
જીરૂ	૪૭૭૦	૫૫૦૫
ચણા	૧૩૭૦	૧૪૬૬
ઘઉં	૬૦૧	૬૫૧
અડદ	૧૬૭૦	૧૮૧૦
સોયાબીન	૧૪૨૧	૧૪૯૦

બગસરા

કપાસ	૧૬૬૦	૧૯૨૪
ઘઉં ટુકડા	૫૯૫	૬૨૫
મગફળી	૧૧૦૦	૧૪૦૦
ચણા	૧૨૦૦	૧૪૩૬
સોયાબીન	૧૩૫૫	૧૪૫૧
તુવેર	૧૦૦૦	૧૬૦૦
લસણ	૭૦૦	૧૨૧૦
તલ સફેદ	૩૦૦૦	૩૦૦૦
ધાણા	૩૦૦૦	૩૦૪૫
અડદ	૧૧૩૫	૧૧૫૦
મકાઈ	૬૦૦	૬૧૫
ચોળી	૧૨૦૦	૧૨૦૦
શીંગ દાણા	૧૬૨૫	૧૭૦૦

ધારી

કપાસ	૧૬૦૭	૧૮૨૧
મગફળી	૧૦૬૫	૧૪૭૫
ઘઉં	૫૩૦	૫૫૨
ચણા	૧૪૦૫	૧૪૪૫
તલ કાળા	૩૬૦૦	૩૬૦૦
અડદ	૧૩૧૦	૧૩૭૦
સોયાબીન	૧૩૬૫	૧૩૬૫
બાજરો	૫૫૦	૫૫૦

મહુવા

શીંગ ગીરનાર	૧૧૦૦	૧૬૬૦
શીંગ ૬૬	૧૩૦૦	૧૮૦૪
શીંગ ૩૯	૧૦૦૦	૧૫૬૭
શીંગ જી-૨૦	૧૨૦૦	૧૬૭૦
જુવાર	૪૪૪	૭૧૬
બાજરી	૪૮૬	૭૧૫
બાજરો	૧૧૪૦	૧૯૦૦
ઘઉં ટુકડા	૫૫૧	૭૪૦
મકાઈ	૬૫૦	૬૫૦
અડદ	૧૦૮૦	૨૦૪૫
મગ	૧૩૬૦	૩૬૧૦
સોયાબીન	૧૨૬૫	૧૪૮૨
ચણા	૧૨૭૦	૧૫૦૨
તલ સફેદ	૩૨૧૫	૩૬૩૬
તલ કાળા	૮૮૮	૪૧૦૦
તુવેર	૯૪૦	૧૭૮૧
જીરૂ	૪૬૮૦	૪૬૮૦
ડુંગળી લાલ	૨૫૦	૭૪૬
ડુંગળી સફેદ નવી	૨૮૨	૮૭૬
ડુંગળી સફેદ જુની	૨૬૫	૮૦૦
કપાસ શંકર	૧૬૬૨	૧૮૧૬
નાળીયેર	૮૫૦	૩૨૩૨

ખાંભા

કપાસ	૧૭૮૧	૧૮૭૫
મગફળી	૧૩૫૦	૧૪૫૦
ચણા	૧૪૦૦	૧૪૦૦
તલ સફેદ	૩૧૮૦	૩૫૦૦
સોયાબીન	૧૪૦૧	૧૪૦૧

રાજુલા

શીંગ	૧૩૦૦	૧૬૪૦
તલ સફેદ	૨૫૦૧	૩૩૦૦
તલ કાળા	૨૦૦૦	૩૩૦૦
કપાસ	૧૭૮૦	૧૮૭૦
બાજરો	૪૮૦	૬૨૭
ઘઉં ટુકડા	૫૫૧	૭૧૨
જુવાર	૮૦૦	૧૯૦૧
મકાઈ	૬૯૧	૬૯૧
મગ	૧૫૨૫	૧૭૦૦
અડદ	૧૫૭૦	૧૮૯૧
ચણા	૧૩૨૫	૧૫૨૨
સોયાબીન	૧૪૧૨	૧૪૮૦

જામનગર


બાજરી	૫૦૦	૫૫૩
ઘઉં	૫૦૦	૬૯૪
મગ	૧૭૦૦	૧૯૦૦
અડદ	૧૫૦૦	૧૯૯૦
ચણા	૧૩૮૦	૧૫૦૬
મગફળી જાણી	૧૪૪૦	૨૨૦૫
મગફળી જાડી	૧૩૦૦	૧૭૧૦
મગફળી ૬૬ નં.	૧૨૦૦	૧૬૭૦
મગફળી ૯ નં.	૧૭૦૦	૨૭૭૫
તલી	૨૧૦૦	૩૨૯૦
તલ કાળા	૩૦૦૦	૩૬૧૫
લસણ	૮૦૦	૩૦૦૦
કપાસ	૧૭૫૦	૧૯૨૦
જીરૂ	૪૫૦૦	૫૫૫૫
અજમો	૨૫૦૦	૪૬૬૦
અમજમાની ભ



06

લાગે તો તીર :-છતાંય મારે જગતનાં તાતની વાત કરવી છે

સોનિયાના પુસ્તકમાં મોદીનાં વખાણ



સોનિયા ગાંધી ફરી ચર્ચામાં છે. સોનિયા ગાંધીની આત્મકથા 'બિલોંગિંગઃ અ જર્ની ઑફ લવ' (**Belonging: A Journey of Love**) પ્રકાશિત થઈ એ સાથે જ ચર્ચામાં છે. ૧૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ આ પુસ્તકનું ઔપચારિક રીતે વિમોચન થયું એ પહેલાં જ તેની ચર્ચા ચાલુ થઈ જ ગયેલી પણ પુસ્તક બહાર પડ્યું પછી ખરેખર તેમાં શું લખાયું છે તેની લોકોને ખબર પડી તેથી વ્યક્તિગત અને રાજકીય પ્રત્યાઘાતો આવવા માંડ્યા તેમાં આ પુસ્તક ચર્ચાસ્પદ બની ગયું છે.

સોનિયાએ લગભગ ૧૦ વર્ષમાં આ પુસ્તક લખ્યું છે. ૨૦૧૫માં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ સોનિયાને આત્મકથા લખવા માટે વિનંતી કરી પછી સોનિયાએ લખવાની શરૂઆત કરી અને ૧૦ વર્ષની મહેનત પછી ૫૪૪ પાનાંનું પુસ્તક લખાયું. સોનિયાએ પુસ્તકમાં અંગત જીવન, રાજકીય સફર તેમજ રાજીવ ગાંધી સાથેની પ્રેમકથા અને દામ્પત્ય જીવન વિશે ભાવુક લાગણીસભર વાતો લખી છે. સોનિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આરએસએસ (**RSS**), ભાજપ તેમજ ૨૦૦૨ના ગુજરાત રમખાણો અને ગોધરાકાંડ અંગેના વિચારો દ્વારા ભાજપ-સંઘની ટીકા કરી છે તો ૧૯૭૫માં લદાયેલી કટોકટી અને ૧૯૮૪માં કોંગ્રેસ શાસનમાં થયેલા સીખોના હત્યાકાંડનો બચાવ પણ કર્યો છે. સોનિયાના આ રાજકીય વિચારોની ટીકા થઈ રહી છે તો બીજી તરફ તેમના અંગત જીવનનાં સંસ્મરણો લોકોને પસંદ પણ આવી રહ્યાં છે.

સોનિયાએ બચ્ચન પરિવારને વખાણ્યો છે.

સોનિયા ગાંધી ૧૯૬૮માં રાજીવ ગાંધીને પરણીને ભારત આવ્યાં ત્યારે અમિતાભ બચ્ચનના પિતા હરિવંશરાય બચ્ચન અને માતા તેજી બચ્ચને કઈ રીતે સોનિયાને પોતાની દીકરી જ હોય એ રીતે રાખ્યાં હતાં તેની હૃદયસ્પર્શી વાતો સોનિયાએ લખી છે. હરિવંશરાયે સહજ વાતોમાં જ સોનિયાને ભારતીય જીવનની વાસ્તવિકતાઓ કઈ રીતે સમજાવેલી ને તેજીએ કઈ રીતે સતત પ્રેમ વરસાવીને પોતાને પરિવારની ખોટ ના સાલવા દીધી તેની વાતો પણ સોનિયાએ કરી છે.

■■■

સોનિયાનું પુસ્તક પૂર્વગ્રહોથી ભરેલું છે.

સોનિયાએ દાવો કર્યો છે કે, આ રાજકીય પુસ્તક નથી પણ આ વાત ખોટી છે. આ પુસ્તકમાં કટોકટી બાદની ચૂંટણીમાં હાર, ૨૦૦૨નાં ગુજરાતનાં રમખાણો, સંઘની વિચારધારા અંગે પોતાના વિચારો, કટોકટી અને શીખો હત્યાકાંડ સહિતના ઘણા વિષયો એવા છે કે જે સંપૂર્ણપણે રાજકીય છે.

સોનિયાના પુસ્તકમાં ભયંકર પ્રર્વગ્રહો પણ દેખાય છે. કોંગ્રેસે કરી એ લીલા ને બીજાંએ કર્યું એ છિનાળું એવી માનસિકતા ઠેર ઠેર છતી થાય છે. પુસ્તકમાં સોનિયાએ પોતાના રાજકીય હરીફોના શાસનમાં ભ્રષ્ટાચાર થયાનું લખ્યું છે. ભાજપ શાસનમાં દંભ અને જાહેર જીવનનાં મૂલ્યોનું પતન થયું એ વિશે ઘણું લખ્યું છે પણ કોંગ્રેસના સત્તાકાળ દરમિયાન થયેલા ભ્રષ્ટાચાર વિશે મૌન છે. સોનિયાની નજીકના લોકોએ ચલાવેલી લૂંટ, મોટાં કૌભાંડો અને ભ્રષ્ટાચાર વિશે સોનિયા મૌન છે. સોનિયા ૨૦૦૨નાં ગુજરાતનાં રમખાણોની ટીકા કરે છે પણ ૧૯૮૪નાં સીખ વિરોધી રમખાણોની ટીકા કરતાં નથી. નરેન્દ્ર મોદીના શાસનમાં જાહેર જીવનનું સ્તર નીચું ઉતર્યું હોવાની ટીકા કરે છે પણ ઈન્દિરાએ લાદેલી કટોકટીનો બચાવ કરે છે.

આ પૂર્વગ્રહો નથી તો બીજું શું છે ?

સોનિયાએ દરેક મુદ્દે કોંગ્રેસનો ખુલ્લેઆમ બચાવ પણ કર્યો છે તો પછી તેને રાજકીય પુસ્તક કઈ રીતે ના ગણી શકાય ? સાથે સાથે સોનિયાએ સંજય ગાંધીનું નિધન, ઈન્દિરા ગાંધીની હત્યા, રાજીવ ગાંધીની હત્યા અને પોતાને કેન્સર હોવાનું જાણવા મળ્યું સહિતની અંગત અને પારિવારિક વાતોને પણ આવરી લીધી છે એ જોતાં આ પુસ્તકને સેમી પોલિટિકલ કહી શકાય.

■■■

સોનિયાના દેરાણી મેનકા સાથે સંબધો કેવા હતા ?

૧૯૭૩ના અંતમાં સંજય ગાંધી અને મેનકા વચ્ચે મુલાકાત થઈ. એક વર્ષમાં બંનેનાં લગ્ન થઈ ગયાં ત્યારે મેનકા માત્ર ૧૮ વર્ષનાં હતાં. સોનિયાના મતે, એ વખતે મેનકા મળતાવડાં હતાં અને ખૂબ વાતો કરતાં, ફુલ ઓફ એનર્જી હતાં. મેનકાના આગમનથી ઘરનું વાતાવરણ બદલાયું અને તેમને નાની બહેન જેવી દેરાણીનો સાથ મળ્યો. સોનિયા લખ્યું છે કે, ઘણી વાર પોતે ખડખડાટ હસતાં મેનકાનું હાસ્ય સાંભળીને તેમના રૂમમાં પહોંચી જતાં ને વાતોમાં જોડાઈ જતાં. પ્રિયંકા પણ કાકીની ખૂબ જ નજીક હતી અને મેનકાના રૂમમાં કલાકો સુધી બેસી રહેતી.

સોનિયા લખે છે કે, થોડા સમય પછી ઘરમાં નાની-નાની વાતો અંગે ઝગડા શરૂ થયા ને તણાવ વધવા લાગ્યો. તણાવ ઘટાડવા સંજય મેનકાને રાજકીય કાર્યક્રમોમાં લઈ જવ લાગ્યા પછી મેનકા હળવાં થયાં પણ ઝગડાના કારણે મેનકા સાથેના તેમના સંબંધોમાં અંતર આવી ગયું.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

સંજય ગાંધીનું ૨૩ જૂન, ૧૯૮૦ના રોજ વિમાન દુર્ઘટનામાં મોત થયું પછી મેનકા કોંગ્રેસમાં હોદ્દો ઈચ્છતાં હતાં પણ ઈન્દિરા તેની વિરૂદ્ધ હતાં. મેનકા તેને અવગણીને રાજકીય કાર્યક્રમોમાં જવા માંડ્યાં પછી ઝગડો વધ્યો. ઈંદિરા ગાંધી સરકારી પ્રવાસે લંડન ગયેલાં ત્યારે મેનકાએ ઘરેથી પોતાનો સામાન બીજે ખસેડાવી દીધો હતો. લંડનથી પાછાં આવ્યા પછી ઈંદિરા ગાંધીએ મેનકાને રાજકીય પ્રવૃત્તિઓ બંધ કરે, અથવા બીજે રહેવા માટે કહી દીધું.

મેનકાએ જવાબમાં ઈંદિરા ગાંધીને પત્ર લખીને અનેક આક્ષેપો કર્યા. તેના કારણે વિસ્ફોટ થઈ ગયો ને છેવટે મેનકા ઘર છોડીને જતાં રહ્યાં. મેનકા જઈ રહ્યાં હતાં ત્યારે ઈંદિરા ગાંધી સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. એ વખતે રાજીવ ગાંધી અને સોનિયા ગાંધી ઘરમાં હાજર નહોતાં છતાં પાછળથી મેનકાએ પોતાને કાઢી મૂકાયાં એ માટે ઈંદિરા, રાજીવ અને સોનિયાને દોષિત ઠેરવ્યાં હતાં.

■■■

સોનિયાએ નરેન્દ્ર મોદીનાં વખાણ કર્યાં છે.

સોનિયાના પુસ્તકમાં મોદી વિશે ઘસાતું લખાયું હોવાના દાવા થયા છે તેથી ભાજપના નેતા સોનિયા પર પ્રહારો કરી રહ્યા છે પણ વાસ્તવમાં સોનિયાએ મોદીનાં વખાણ પણ કર્યાં છે. વાંચીને આશ્ચર્ય થશે પણ સોનિયાએ પોતાનામાં અને મોદીમાં એક સમાનતા હોવાનું પણ લખ્યું છે.

સોનિયાએ મોદીની અને પોતાની વિચારધારા બિલકુલ અલહ હોવાનો સ્વીકાર કરીને મોદીની વિચારધારાની ટીકા કરી છે. મોદીની વિચારધારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની કટ્ટરવાદને પ્રોત્સાહન આપતી વિચારધારા હોવાનો ઉલ્લેખ કરીને સોનિયાએ લખ્યું છે કે, આ વિચારધારામાં પોતાનો ધર્મ અને સંસ્કૃતિ બાકીની તમામ બાબતોથી ઉપર છે. મોદીની વિચારધારા ભારત પર વર્ચસ્વ જમાવવાની છે જ્યારે સોનિયાનું ભારત 'વર્ચસ્વની વિરુધ્ધ' છે. સોનિયાએ લખ્યું છે કે, મારા ભારતમાં ધર્મનિરપેક્ષતા અને સામાજિક ન્યાય તથા બધાંને સમાનતા સર્વોપરિ છે.

સોનિયાએ મોદીનાં વખાણ કરીને લખ્યું છે કે, મોદીએ એક વંચિત વર્ગની દુનિયામાંથી બહાર આવીને સત્તા સુધી પહોંચવા માટે ચોક્કસપણે મહેનત કરી છે. સોનિયાએ મોદીની સમાજના કહેવાતા મોટા એટલે કે ભદ્ર વર્ગ સાથે નહીં ભળી શકવાની અસહજતાને પણ સ્વીકારી છે અને આ મામલે મોદી પોતાના જેવા હોવાનો ઉલ્લેખ કર્યો છે.

સોનિયાએ લખ્યું છે કે, મોદીની હાલના સત્તાધારી ભદ્ર વર્ગ પ્રત્યેની અસહજતાને પોતે સમજે છે કેમ કે દિલ્હીના વગદાર લોકોના ડ્રોઈંગ રૂમમાં તેમણે પણ અસહજતા અનુભવાતી હતી. આ વર્ગ દ્વારા થતી રાજકીય ચર્ચાઓ 'ભારતની વાસ્તવિકતાથી ઘણી દૂર' લાગતી હતી. મોદી જમીન સાથે જોડાયેલા નેતા છે અને ભારતની વાસ્તવિકતાને સમજે છે એવો સ્વીકાર મોદીનાં વખાણ ના કહેવાય ?

ભાજપના મોટા ભાગના નેતાઓએ સોનિયાનું પુસ્તક વાંચ્યું જ નહીં હોય. મીડિયામાં આવતા રીપોર્ટના આધારે ભાજપના નેતા રીએક્શન્સ આપી રહ્યા છે. તેમણે પુસ્તક વાંચવું જોઈએ, ટીકા કરવા જેવી બાબતોની ટીકા પણ કરવી જોઈએ પણ સોનિયાએ બતાવેલી ખેલદિલીની પ્રસંશા પણ કરવી જોઈએ.

■■■

સોનિયાની ભૂમિકા કોણ કરી શકે ?

સોનિયા ગાંધીની આ આત્મકથા પરથી ભવિષ્યમાં એક ફીચર ફિલ્મ એટલે કે બાયોપિક બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. તેલંગાણા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ જગ્ગા રેડ્ડીએ સત્તાવાર રીતે આ પ્રોજેક્ટની જાહેરાત કરીને ફિલ્મ નિર્માણ માટે કાર્યકરો પાસેથી આર્થિક સહયોગ માંગ્યો છે. ફિલ્મ નિર્માણ માટે ૫૦ સભ્યોની સમિતિ બનાવવાની દરખાસ્ત પણ તેમણે મૂકી છે.

જગ્ગા રેડ્ડીની અપીલને પગલે કોંગ્રેસ નેતા જુલકાંતિ અંજનેયુલુએ ૨ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી નાંખી. બીજા નેતાઓએ પણ ફંડ આપવા માંડતાં જાહેરાત કરાઈ છે કે, તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના હાથે શૂટિંગની શરૂઆત કરાવાશે. આ ફિલ્મ સોનિયા ગાંધીના ભારત પ્રવેશથી શરૂ થશે. ગાંધી પરિવારમાં સોનિયા ગાંધીના આગમનથી શરૂ કરીને દેશના ટોચના રાજકીય નેતા બનવા સુધીની સફરને ફિલ્મમાં દર્શાવાશે. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીની હત્યા પછીનો મુશ્કેલ સમય, બાળકોના ઉછેર અને રાજકીય જવાબદારીઓ સંભાળી પછીના પડકારોને હાઈલાઈટ કરાશે. સોનિયા ગાંધીએ તક હોવા છતાં બે વાર વડાપ્રધાન પદ સ્વીકાર્યું નહીં તેને કેન્દ્રમાં રાખીને સોનિયાની ત્યાગમૂર્તિ તરીકેની ઈમેજ બતાવાશે. સવાલ એ છે કે, ફિલ્મમાં સોનિયા ગાંધીની ભૂમિકા કોણ કરશે ? અત્યારે તો રામાયણ ફિલ્મમાં મા સીતાની ભૂમિકા કરનારાં સાઈ પલ્લવીનું નામ ચર્ચામાં છે પણ કશું નક્કી નથી કેમ કે ફિલ્મ ખરેખર બનશે કે નહીં એ જ નક્કી નથી. ભૂતકાળમાં પણ સોનિયા ગાંધી પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરાયેલી પણ એ પ્રોજેક્ટ અભરાઈ પર ચડી ગયેલો. પત્રકાર રશીદ કિદવાઈએ લખેલી સોનિયા ગાંધીની જીવનકથા પરથી ૨૦૦૬માં જગમોહન મુંધરાએ ફિલ્મ બનાવવાની જાહેરાત કરેલી. સોનિયા ગાંધીના જીવન પરની આ ફિલ્મમાં સોનિયા ગાંધીની ભૂમિકા ભજવવા માટે ઈટાલિયન અભિનેત્રી મોનિકા બેલુચીની પસંદગી કરવામાં આવી હતી પણ આ ફિલ્મ કદી બની જ નહીં.

આશા રાખીએ કે, આ વખતે એવું ના થાય. ■

sanjogpurti@gmail.com

રામાયણ (૨૦૨૬) : આંખો અંજાઈ, કાન ખટક્યા !



નિતેશ તિવારી દિગ્દર્શિત અને નમિત મલ્હોત્રા નિર્મિત 'રામાયણ' જોઈને એટલું તો કહેવું પડે કે પૈસા પડદા પર બોલે છે. હોલીવુડ સ્ટાઈલના જોરદાર **VFX** અને દમદાર સિનેમેટોગ્રાફીએ આખી ફિલ્મને એવી ભવ્ય બનાવી છે કે આંખો પલકારો મારવાનું ભૂલી જાય. સંગીતની વાત કરીએ તો ગીતોના શબ્દો ઉત્તમ છે, પણ ઓસ્કર વિજેતા સંગીતકારો એ. આર. રહેમાન અને હાન્સ ઝીમરની જોડી પાસેથી જે અપેક્ષા હતી તે એકાદ ગીત સિવાય પૂરી થતી નથી. ગીતો ફોર્મ્યુલા જેવાં અને નીરસ લાગે છે, એટલે થિયેટરની બહાર નીકળ્યા પછી કોઈ ગીત હોઠે ચડતું નથી. હા, બેકગ્રાઉન્ડ સ્કોર જરૂર સારો છે અને દ્રશ્યોની ગંભીરતા સાચવી રાખે છે.

ફિલ્મની સૌથી મોટી ખામી સંવાદોમાં છે. પૌરાણિક અને સંસ્કૃતનિષ્ઠ વાતાવરણ ઊભું કર્યા પછી રાક્ષસો પ્રભુ રામ (રણબીર કપૂર) સામે ઊભા રહીને 'પહેલે તેરી પત્ની કો કિડનેપ હોતા હુઆ દેખ...' બોલે, ત્યારે લાગે કે લંકામાં કોઈ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખૂલી ગઈ છે. એવી જ રીતે માતા સીતા (સાઈ પલ્લવી) રામના વિરહમાં 'તુમ્હારે બીના મેરે જીવન મેં કોઈ નૂર નહીં' કહે છે. અયોધ્યા અને જનકપુરીના સનાતન તેજની વચ્ચે ઉર્દૂ-અરબી મૂળનો 'નૂર' શબ્દ સાંભળીને કાન પણ પૂછે કે આ શબ્દ અહીં વિઝા વગર કેવી રીતે આવી ગયો. આવા આધુનિક બોલચાલના શબ્દો ફિલ્મના શાસ્ત્રીય વાતાવરણની ગંભીરતા નબળી પાડે છે.



ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

અભિનયમાં રણબીર કપૂરે પ્રભુ રામના પાત્રમાં રાબેતા મુજબ સરસ કામ કર્યું છે અને પાત્રની સૌમ્યતા તથા ગરિમા સુંદર રીતે જાળવી છે. પરંતુ આ વખતે રાવણ એક ડગલું આગળ નીકળી જાય છે. ટીવી સિરિયલમાં અરવિંદ ત્રિવેદીનો રાવણ કે 'આદિપુરુષ'માં સૈફ અલી ખાનનો રાવણ આપણે જોયો છે, પણ યશે ભજવેલો રાવણ અત્યાર સુધીનો સૌથી પ્રભાવશાળી અને આકર્ષક રાવણ સાબિત થાય છે. વાર્તા રાવણના બાળપણથી શરૂ થતી હોવાથી દર્શકો સહજતાથી સમજી શકે છે કે એક પરમ જ્ઞાની પંડિતને રાવણ કેમ બનવું પડ્યું. સ્ક્રિપ્ટમાં તેની અનેક સારી બાજુઓ બતાવાઈ છે અને બ્રહ્માજી તથા શિવજી બંનેના વરદાનનો ઉલ્લેખ વાર્તાને મજબૂત પીઠિકા આપે છે.

ફિલ્મની બીજી મોટી તાકાત નારી ગૌરવ છે. સાઈ પલ્લવીએ સીતાના પાત્રમાં અદભુત અભિનય કર્યો છે. અહીં સીતાજી રડતી-કકળતી 'અબળા' નથી, પણ આત્મવિશ્વાસ અને સન્માનથી છલકતી સશક્ત નારી છે. રાવણની માતા કૈકસીના પાત્રમાં જાણીતાં અભિનેત્રી શોભનાએ પણ ગરિમા અને મક્કમતાથી ભરપૂર અભિનય કર્યો છે. રામાયણ પરની અગાઉની ફિલ્મો કરતાં આ ફિલ્મમાં નારી ગૌરવ સર્વોચ્ચ સ્તરે દેખાય છે. આ ગરિમા શૂર્પણખાના પાત્રમાં પણ જોવા મળે છે, જેને માત્ર ક્રૂર રાક્ષસી તરીકે નહીં, પણ ગરિમાપૂર્ણ સ્ત્રી તરીકે રજૂ કરવામાં આવી છે.

ટેકનોલોજીની વાત કરીએ તો રાવણ સીતાજીનું અપહરણ કરવા જે વિમાન વાપરે છે તે જોતા રહી જઈએ તેવું છે. વિમાન જોઈને એ જમાનાની ટેકનોલોજી ગળે ઉતરે તેવી લાગે છે. રાવણનું એવિએશન એન્જિનિયરિંગ અને કુટીર બાબતમાં રામ અને સીતાનું સિવિલ એન્જિનિયરિંગ પણ ખૂબ રસપ્રદ છે. કેટલાક ભાષાકીય લોચા બાદ કરીએ તો આખેઆખી ફિલ્મ રસપ્રદ છે. મજબૂત અભિનય અને અદભુત ટેકનોલોજીના કારણે આ એક શાનદાર ફિલ્મ છે, જે થિયેટરમાં જ માણવા જેવી છે. ■

naranbaraiya277@gmail.com

દીપોત્સવ પર્વ...



ભારતીય સંસ્કૃતિમાં આધ્યાત્મિકતા અને સંસ્કારનું મૂલ્ય રહેલું છે.ભારતીય સંસ્કૃતિમાં વેદો, ઉપનિષદો અને મહાનગ્રંથોની ગાથા ગાવામાં આવી છે. વિક્રમ સવંત પ્રમાણે નવું વર્ષ એ નવા સંકલ્પો અને ધ્યેયને સિધ્ધ કરવા માટે શક્તિ પ્રદાન કરે છે.દીપોત્સવ પર્વએ અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે. માનવ જીવન વ્યાધિ, ઉપાધિમાં વ્યતિત કરે છે ત્યારે જીવન જીવવા માટે કર્મ, કૌશલ્યતા અને કમાણી થકી આર્થિક ઉપાર્જન પ્રાપ્ત કરવું પડે છે. કોડિયાની અંદર ભરેલું તેલ હોય સુધી દીવો પ્રકાશ ફેલાવે છે. દીવાની શક્તિ તેલ છે. એમ માનવની શક્તિ સત્કર્મો, સેવાકીયકાર્ય અને પ્રામાણિકતાથી જીવન જીવવાની પ્રેરણા દીપોત્સવ પર્વથી પ્રાપ્ત થાય છે. કોઈકનો દીવો ઓલવવા કરતા દીવો પ્રગટાવવામાં માનવતા રહેલી છે.

દીપોત્સવ એટલે કે દિવાળી, ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો અને પ્રકાશમય તહેવાર છે.અંધકાર પર પ્રકાશનો,અસત્ય પર સત્યનો અને અજ્ઞાન પર જ્ઞાનનો વિજય દર્શાવતો આ મહાપર્વ શ્રધ્ધા,ઉલ્લાસ અને રોશનીથી સમગ્ર દેશને ઝળહળતો કરી દે છે.આ પર્વ માત્ર એક દિવસનો નથી, પરંતુ આસો વદ અમાસથી શરૂ થઈને કારતક સુદ બીજ (ભાઈબીજ) સુધી ચાલતો પાંચ દિવસનો ભવ્ય ઉત્સવ છે.

ધનતેરસ (આસો વદ તેરસ) આ દિવસે ધન અને સ્વાસ્થ્યના દેવતા ભગવાન ધન્વંતરિ તેમજ માતા લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે.નવી વસ્તુઓ, વાસણો કે સોના-ચાંદીની ખરીદી કરવી શુભ માનવામાં આવે છે.બે નંબરની લક્ષ્મીથી ખરીદેલું ધન લાંબો સમય ટકતું નથી. પરિશ્રમ અને કર્મથી મેળવેલી સંપત્તિ ધનલક્ષ્મી તરીકે પૂજાય છે. ગોલ્ડ કે સિલ્વરએ તો માત્ર ભૌતિક સુખ સગવડ છે. સાચું ગોલ્ડ તો માનવતામાં વહેંચેલો સ્નેહ, પ્રેમ અને જનકલ્યાણ છે.



સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

કાળી ચૌદસ (આસો વદ ચૌદસ) રૂપ પર્વ કે કાળી ચૌદસ તરીકે ઓળખાતા આ દિવસે અસુરોના સંહારની કથા જોડાયેલી છે.આ દિવસે નદી સ્નાન અને દીપદાનનું વિશેષ મહત્વ છે.માનવ સમુદાયમાં રહેલા દ્વેષ, પ્રપંચ, આડંબર, ભ્રષ્ટાચાર, ઈર્ષા અને દેખાવએ પતન અને અસુરનો માર્ગ છે. કાળા કામ કરવામાં જે આનંદ છે તે ક્ષણિક છે.પરંતુ સત્ય અને પ્રામાણિકતાથી કરેલી ફરજએ સનાતન છે.

દિવાળી / લક્ષ્મી પૂજન (આસો વદ અમાસ) દીપોત્સવનો મુખ્ય દિવસ. આ દિવસે ઘરોમાં રંગોળી પૂરી, દીવા પ્રગટાવીને માતા લક્ષ્મી અને ભગવાન ગણેશનું પૂજન કરવામાં આવે છે.માનવામાં આવે છે કે આ દિવસે ભગવાન શ્રીરામ ૧૪ વર્ષના વનવાસ બાદ અયોધ્યા પરત ફર્યા હતા, જેના સ્વાગતમાં અયોધ્યાવાસીઓએ ઘીના દીવા પ્રગટાવ્યા હતા. મેરે ઘર રામ આયે હૈ.. જેના હૃદયમાં રામ, કૃષ્ણ અને શિવજી દિલમાં, વિચારોમાં કે કર્મમાં હોય તે કઈ રીતે પ્રપંચ અને દ્વેષનો ભાવ પ્રગટાવી શકે?આજે તો ઈર્ષા આર્શીવાદ બની ગઈ છે. કોઈકનું સારું જોવુંએ પણ માનવતાનું કાર્ય છે. તમારાથી કોઈ આગળ વધે તેને પાળવવાની તાકાતને શક્તિ સમજીએ છીએ તે અધઃપતનનો માર્ગ છે.

બેસતું વર્ષ (કારતક સુદ એકમ)નૂતન વર્ષની શરૂઆત.આ દિવસે વડીલોના આશીર્વાદ લેવામાં આવે છે, એકબીજાને 'સાલ મુબારક' કે 'નૂતન વર્ષાભિનંદન' પાઠવવામાં આવે છે અને મંદિરોમાં દર્શન કરીને નવા વર્ષની શુભ શરૂઆત થાય છે. વર્ષ દરમિયાન થયેલી ભૂલો,પાપ અહમ આ બધું ભૂલીને નવા સંબંધને સ્થાપિત કરવાનો માર્ગ એટલે નવું વર્ષ.. ત્યાગ બહુ મોટી વસ્તુ છે. ભગવાન રામચંદ્રએ ૧૪ વર્ષ સુધી વનવાસ ભોગવ્યો. આજે તો કુટુંબમાં સારું ઘર બનાવે તો નિકટના સંબંધીઓને સૌથી પહેલા ઈર્ષા થાય છે. વિરોધ કરે સંબંધો પર પુણ્યવિરામ મૂકે આ બધું કરવાથી ગમે તેટલી લાયકાત કે લક્ષ્મી હોય ઝીરો છે.ભણેલા તો અભણને શીખવે પરંતુ અહીં તો ભણેલા જ એવું શીખવાડે કે આ લોકો સાથે સંબંધ ના રખાય. માનવ જીવન નાશવંત છે.મોટા હોય તો સલાહ આપવાની હોય અથવા તો સમજણ આવવાની હોય કે આપણે તેને કઈ રીતે મદદરૂપ થઈએ. અહમ અને મોટાઈના પાયા ઉપર રચાયેલી ઈમારતો તૂટી જ પડે છે.

ભાઈબીજ (કારતક સુદ બીજ) ભાઈ-બહેનના પ્રેમ અને પવિત્ર સંબંધોનો આ તહેવાર છે. બહેન પોતાના ભાઈને તિલક કરીને તેના દીર્ઘાયુષ્ય અને સુખી જીવનની કામના કરે છે.આજે લોહીના સંબંધમાં ઉણપ આવી છે. ભાઈ અને બેનનો શ્રેષ્ઠ અને પવિત્ર લોહીનો સંબંધ છે. લગ્ન થયા પછી બહેનને શું આપવું તે આજે મોટા ભાગની ધર્મ પત્નીઓ નક્કી કરે છે. એટલે હાઈકોર્ટમાંથી ઓર્ડર લાવવો પડે કે મારી બેનને મારે શું આપવું? ૨૦ વર્ષ પહેલા તમારે ધર્મ પત્ની હતી? કપડા,જમવાનું અને તાવ આવ્યો હોય તે સમયે દવા અને દુઆ માત્ર બેન જ કરી શકતી હતી. લગ્ન થયા પછી પુરુષો શા માટે બદલાઈ જાય છે તે સંશોધનનો વિષય છે?

દિવાળી એટલે માત્ર ફટાકડા ફોડવા કે મીઠાઈઓ ખાવા પૂરતો તહેવાર નથી, પરંતુ તે મનની અંદર રહેલા ક્રોધ, ઈર્ષ્યા અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી પ્રેમ અને સદ્ભાવનાનો દીવો પ્રગટાવવાનો અવસર છે.આ પર્વ સૌના જીવનમાં ખુશાલી અને સમૃદ્ધિ લઈને આવે છે.

મારા વાચક વર્ગને દીપોત્સવ પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. માતાજી આપની ભવોભવ દિવાળી ઉજવળ અને પ્રકાશિત બનાવે. આજીવન સેવા, સમર્પણ અને ત્યાગ માટે છે. એવી ભાવના રાખી માનવ કલ્યાણના સેવાકીય કાર્યો કરવા જ રહ્યા. એ જ સૌથી મોટી દિવાળી છે. સૌને હૃદયથી શુભકામનાઓ નૂતન વર્ષ પ્રગતિના પગરણ થકી આવે અને સંબંધોની માયાજાળ મજબૂત બનાવે તેવી શુભકામનાઓ સાથે હેપ્પી ન્યુ યર... નુતન વર્ષાભિનંદન.. ■

Mo.9825702282


ADHD (એડીએચડી): માત્ર તોફાની બાળક નહીં, પરંતુ મગજના વિકાસ સાથે જોડાયેલી સ્થિતિ



ગર્ભાવસ્થાથી બાળપણ સુધીના વિકાસને સમજીએ અને હોમિયોપેથીક અભિગમની વૈજ્ઞાનિક સમીક્ષા કરીએ

આજના સમયમાં બાળકોમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી, સતત ચંચળતા, ઉતાવળમાં નિર્ણય લેવાની ટેવ અને વર્તન સંબંધિત સમસ્યાઓ વિશે ચર્ચા વધી રહી છે. ઘણી વખત આવા બાળકોને તોફાની, જીદ્દી, બેદરકાર અથવા શિસ્ત વગરના કહી દેવામાં આવે છે. પરંતુ દરેક બાળકનું વર્તન માત્ર તેના સ્વભાવ કે ઉછેરનું પરિણામ નથી હોતું. કેટલીક પરિસ્થિતિઓમાં આ લક્ષણો મગજના વિકાસ સાથે જોડાયેલી ન્યુરોડેવલપમેન્ટલ સ્થિતિ એટલે કે **ADHD (Attention Deficit Hyperactivity Disroder)** ના સંકેત હોઈ શકે છે.

આવી સ્થિતિમાં બાળકને ઠપકો આપવાને બદલે તેની સમસ્યાને સમજવી, યોગ્ય નિદાન કરાવવું અને વ્યક્તિગત જરૂરિયાત પ્રમાણે સંભાળ આપવી અત્યંત જરૂરી છે. આ વિષયમાં હોમિયોપેથીની પરંપરાગત વ્યક્તિગત કેસ-ટેકિંગ પધ્ધતિની પણ ચર્ચા થાય છે, પરંતુ તેની અસરકારકતા અંગે વૈજ્ઞાનિક પુરાવાઓનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા :
ડો. નંદિની જોટાંગિયા

ADHD એટલે શું? **ADHD** એ મગજના વિકાસ સાથે સંબંધિત એક ન્યુરોડેવલપમેન્ટલ ડિસઓર્ડર છે. તેમાં વ્યક્તિને ધ્યાન કેન્દ્રિત કરવામાં, પોતાની પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવામાં અને ઉતાવળભર્યા વર્તનને રોકવામાં મુશ્કેલી પડી શકે છે.

ADHD ના મુખ્ય ત્રણ પ્રકાર જોવા મળે છે:

1. Inattentive Presentation (ધ્યાનની અછત):

★ વારંવાર ભૂલો કરવી.

★ અભ્યાસ કે કોઈ કાર્ય દરમિયાન ધ્યાન જાળવી ન શકવું.

★ વારંવાર વસ્તુઓ ખોવી.

★ વાત સાંભળતી વખતે ધ્યાન બીજે જવું.

★ કામ અધૂરાં છોડી દેવાની ટેવ.

1. Hyperactive-Impulsive Presentation (અતિચંચળતા અને આવેગશીલતા):

★ સતત હલનચલન કરતા રહેવું.

★ એક જગ્યાએ શાંતિથી બેસવામાં મુશ્કેલી.

★ વધારે બોલવું.

★ બીજાની વાત વચ્ચે બોલી પડવું.

★ પોતાનો વારો આવે તેની રાહ જોવામાં મુશ્કેલી.**1. Combined Presentation:**

જ્યારે ઉપરોક્ત બંને પ્રકારનાં લક્ષણો એકસાથે જોવા મળે છે. માત્ર ચંચળ હોવું એટલે **ADHD** નથી. લક્ષણો સતત રહે, બાળપણથી શરૂ થયેલા હોય, એક કરતાં વધુ જગ્યાએ જોવા મળે અને બાળકના અભ્યાસ, ઘરજીવન કે સામાજિક સંબંધો પર અસર કરતા હોય ત્યારે નિષ્ણાત દ્વારા યોગ્ય મૂલ્યાંકન જરૂરી બને છે.

ADHD નો વિકાસ કેવી રીતે થાય છે? **ADHD** નું એક જ ચોક્કસ કારણ હજુ સુધી સંપૂર્ણપણે જાણી શકાયું નથી. સંશોધન મુજબ આનુવંશિકતા, મગજના વિકાસની પ્રક્રિયા અને કેટલાક પર્યાવરણીય પરિબળો સાથે મળીને તેની સંભાવનાને અસર કરી શકે છે. મગજમાં ધ્યાન, યાદશક્તિ, આયોજન, નિર્ણયશક્તિ અને આવેગ પર નિયંત્રણ રાખવા માટે **Prefrontal Crotex** મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત મગજમાં **Dopamine** અને **Nroadrenaline** જેવા **neurotransmitters** ધ્યાન, પ્રેરણા અને વર્તનના નિયંત્રણ સાથે સંકળાયેલા છે. **ADHD** ધરાવતી વ્યક્તિઓમાં આ ન્યુરલ સિસ્ટમ્સની કાર્યપ્રણાલી અને મગજના કેટલાક નેટવર્ક્સના વિકાસમાં તફાવત જોવા મળી શકે છે. આથી **ADHD** ને માત્ર બાળકની આળસ, બેદરકારી કે ખરાબ ઉછેરનું પરિણામ માનવું યોગ્ય નથી. ગર્ભાવસ્થા દરમિયાન **ADHD** ના જોખમ સાથે સંકળાયેલા પરિબળો બાળકના મગજનો વિકાસ ગર્ભાવસ્થાથી જ શરૂ થઈ જાય છે. ગર્ભાવસ્થાના સમયગાળા દરમિયાન મગજના કોષોનું નિર્માણ, તેમની વચ્ચેના જોડાણો અને નર્વસ સિસ્ટમની રચના સતત વિકસતી રહે છે.(ક્રમશઃ) ■

sanjogpurti@gmail.com

છતાંય મારે જગતનાં તાતની વાત કરવી છે



'એ..એ..આવો, અમથાલાલ આવો. નવાં વરહમાં તમારું /હૌનુ સ્વાગત છે.'

બનેવીલાલે અમથાલાલ અને સૌને આવકાર્યા.

બેરાલાલ ઊંચુ હાંભળે. એને થયું 'બનેવી આખાં ગામનો છે. અને આવકાર આપે છે, માત્ર અમથાલાલને!? આ અમારું અપમાન કેવાય.'

'બનેવીલાલ! અમે હું માણહ નથી? અમારું નામ કેમ નો લીધું!?'

'તમને ઓછું હંભળાય છે, ને એટલે..!! અને આજકાલ નામ લેવામાં 'ય વાંધો છે. પણ..! અમથાલાલ તમે હું કે' તાં તાં..?'

'મારે તમને જગતના તાતની વાત કરવી છે. જગતનો તાત ધારે તો હું નું હું કરી હકે છે. ઈ કેવું છે.'

બેરાલાલે વચ્ચે જ વાતને કાપી..

'તમને ખબર છે? હમણાં જ દિલ્હીમાં દસ લાખ લોકો ભેગાં થયાં હતાં. આ વાત હાચી હશે?'

બેરાલાલ! માણસો દસ લાખ હોય કે દસ હજાર!! પણ, એનું પરિણામ શું આવ્યું? અને એમાં એકેય ખેડૂત હતો? અને એનાથી ખેડૂતને હું મળ્યું? હૌએ હવ હવના રોટલા શેક્યા.'

અમથાલાલે મૂળ વાત કરી.

'ઈ બચાડો ક્યાંથી હોય? ઈ તો પલળી ગયેલો ચારો ભેગો કરવામાં પડયો છે. અને એને બચાડાને દિલ્હીની હોટલમાં કોણ રોકાવા કે!? '

'છતાંય મારે જગતનાં તાતની વાત કરવી છે.'

'હા પણ, દિલ્હીનું હું થયું? ઈ તો જરા પ્રકાશ પાડો!

શેનાં માટે ભેગાં થયાં હતાં? પરિણામ મળ્યું કે નહીં?

કે પછી, આંધળો બેરૂં કુટે છે!??'

બેરાલાલના મગજમાં દિલ્હી ઘૂમતું હતું.

'વિરોધ તો ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો કરવાનો હતો. પણ વારે વારે.. જીભ ઉપર નામ બીજાનાં આવી જાતાં હતાં. આવાં સમયમાં બોલવાં વાળાં તો ગુંચવાયા જ . પણ હાંભળવા વાળા વધારે ચકરાવે ચડ્યાં. કે આપણે અહીં આવ્યાં છીએ શા માટે? હોટલમાં ખાવાં? એ.સી. રૂમમાં રે વાં ? કે રામલીલા મેદાનમાં હાજરી પુરાવવા??



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

બેરાલાલ! આતો હંધાયને મામા બનાવવાનો ધંધો છે. બાકી હંધાયને ખબર છે કે, આવી રીતે જ્ઞાનેશ કુમારની ખુરશી હલે એમ નથી.'

'તો પછી..આવડો મોટો ખરસો કરવાની હું જરૂર પડી? ખેડૂતોને મોળું વરહ છે. થોડાં થોડાં એને આપી દીધાં હોય તો..!! બચાડા છોકરાવ હારું ફટાકડાં લેત.'

'એને તો સરકાર આપશે ને..!! અને નહીં આપે તો..વળી પાછાં ક્યાંક ભેગાં કરીશું. આજ તો એનું કામ છે. અને આવું કરવાનાં જ પૈસા મળે છે.

પણ..! આજે નવાં વરહમા મળ્યાં છીએ.. પ્રથમવાર ભેગાં થયાં છીએ..તો હારી વાત કરવી છે. જગતનાં તાતની વાત કરવી છે. જગતનો તાત ધારે તો હું નું હું કરી હકે છે..'

'ઓ..ઓ.. હોં..! એવી તે વળી હું વાત છે? કહો તમ તમારે અમને 'ય પોરહ ચડે.'

'વાત છે, મહારાષ્ટ્રનાં અહમદનગર હવે (અહિલ્યાનગર) જિલ્લાની. 'હિવારે' નામનું નાનકડું ગામ. ખડકાળ જમીન, વરસે ૨૦૦/૩૦૦ મી.મી. વરસાદ પડે. ૮૦ ટકા ગામ લોકો હીજરત કરીને કમાવા નીકળી પડે.

૧૯૯૦ મા પોપટરાવ પવાર ખેડૂત પુત્ર યાને જગતનો તાત સરપંચ બન્યો. 'એમને થયું આ ખોટું છે. આપણું ગામ મૂકીને આપણે બીજે કામ માટે જાવું પડે? '

'ના..ના..ના. આ ખોટું જ છે.' એમણે ગ્રામ સભા બોલાવી. અને ગામની કાયા કલ્પનો સંકલ્પ લીધો.

જ્યાં પાણીની વાંકે ભયંકર દુષ્કાળ પડતો.

ત્યાં પ્રથમ બે વાત હાથ ધરી. 'જળ વ્યવસ્થાપન' અને 'ગ્રામિણ વિકાસ.'

વૃક્ષો કાપવા નહીં, નશાબંધી, સિગારેટ, તમાકું, ગુટખા અને સોપારીની સખત મનાઈ.

વ્યસનખોરીમાથી માણસ ઉપર આવ્યો. એટલે દર અઠવાડિયે સાથે મળીને શ્રમદાન થવા લાગ્યું.

વધું પાણી વાપરતાં પાકો શેરડી અને કેળ ઉપર પ્રતિબંધ મૂક્યો. સરવાળે ગામનાં ૪૦૦ કૂવાઓનું પાણી ઉપર આવ્યું.

રોકડીયા અને વધું ઉપજ આપતાં પાકો જેવાકે દુંગળી, નારંગી, જામફળ,અંજીર અને ડ્રેગન ફ્રૂટ વાવીને નફાકારક ખેતી બનાવી.

ખેતી નહોંતી એમણે પશુપાલન તરફ વાળ્યો.'

બેરાલાલે અર્ધું ફરધુ જ હાંભળ્યું.

'તે..એ.. એમાં નવાઈ શું કરી? આપણે ત્યાં 'ય ખેડૂતો આવુ જ કંઈક કરે છે. હવે મોટું નવીન કાંઈક છે?'

'ધીરાં ખમો.. ધીરાં ખમો. 'ધિરજના ફળ મીઠાં.'

આજે આ ગામ રોજનું ૮૦૦૦ થી ૯૦૦૦ લીટર દૂધ ભરે છે.એના રૂપિયા ૫,૪૦,૦૦૦/- રોજનાં હાથમાં આવે છે. આ ગામની વાર્ષિક માથાદીઠ આવક અધધ ૯,૦૦,૦૦૦/- નવ લાખ છે. જે સમગ્ર વિશ્વમાં લગભગ ક્યાંય નથી. (ભારતમાં હાલમાં વાર્ષિક માથાદીઠ આવક ૨,૦૮,૦૦૦/-અને ગુજરાતમાં વાર્ષિક માથાદીઠ આવક ૩,૫૭,૦૦૦/- છે.)આવી આવકનાં હિસાબે 'હિવારે' ગામનાં ખેડૂતો બેંકોને લોન આપે છે. (આપણાંથી ઉલટું)આખાં વિશ્વને અચરજ થયું કે, આખરે આવું થયું કેમ!??

જગતનો તાત ધારે તો શું કરી શકે એનો જીવતો જાગતો દાખલો.

તો..ઓ..! આપણે પણ કંઈક આવું કરી શકાય એવું વિચારીશું તો આપણાં નૂતન વર્ષાભિનંદન થશે.

સૌને નવું વર્ષ લાભદાયી નિવડે...!!

■

kalubhaibhad123@gmail.com

શિયાળો અને ફિઝિયોથેરાપી સારવાર



શિયાળાની ઋતુમાં શરીરની તંદુરસ્તી જાળવવા, જૂના દુખાવાને કાબૂમાં રાખવા, વધતા સાંધાના દુખાવા, સ્નાયુઓની જકડાશ અને વા(આર્થરાઇટિસ)ની તકલીફને દવા વિના નિયંત્રિત કરવા માટે ફિઝિયોથેરાપી ખૂબ અસરકારક સારવાર છે. ઠંડા વાતાવરણમાં લોહીનું પરિભ્રમણ ધીમું પડવાથી શરીર અક્કડ બને છે, જેને ફિઝિયોથેરાપીની યોગ્ય કસરત અને થેરાપી દ્વારા સરળતાથી દૂર કરી શકાય છે. ફિઝિયોથેરાપીમાં રોજિંદા જીવનમાં અપનાવી શકાય તેવી ખાસ કસરતો અને આદતો શરીરને લાંબા ગાળાની રાહત આપે છે.

- શિયાળામાં જોવા મળતી શારીરિક સમસ્યા:

★ ઓસ્ટિયોઆર્થરાઇટિસ (સાંધાનો ઘસારો): ઠંડીમાં ઘૂંટણ અને થાપાના સાંધાનું લુબ્રિકેશન (સાયનોવિયલ ફ્લુઇડ) ઘટ્ટ થવાથી હલનચલનમાં કટકટ અવાજ અને દુખાવો વધે છે.

★ સાયટિકા અને કમરનો દુખાવો: ઠંડા પવન અને જકડાયેલા સ્નાયુને કારણે કમરની નસ પર દબાણ વધતાં, પગમાં ઝણઝણાટી કે દુખાવો થાય છે.

★ ફ્રોઝન શોલ્ડર: ડાયાબિટીસના દર્દીઓમાં શિયાળામાં ખભાના સાંધાનું હલનચલન અટકી જવાની સમસ્યા જોવા મળે છે.

★ જૂની ઈજાનો દુખાવો: અગાઉના ફ્રેક્ચર કે સ્નાયુના ખેંચાણની જગ્યાએ ઠંડીમાં લોહીનું પરિભ્રમણ ધીમું પડતાં ફરી કળતર શરૂ થાય છે.

- શિયાળામાં સાંધા અને સ્નાયુ કેમ જકડાય જાય છે?

★ લોહીના પરિભ્રમણમાં ઘટાડો: ઠંડીને લીધે શરીરની રક્તવાહિનીઓ સંકોચાય છે, જેથી સ્નાયુઓ અને સાંધા સુધી લોહી ઓછું પહોંચતાં દુખાવો અને જકડાશ અનુભવાય છે.

★ હવાના દબાણમાં ફેરફાર: શિયાળામાં વાતાવરણનું દબાણ ઘટવાથી સાંધાની આસપાસની પેશીઓમાં થોડો સોજો આવી શકે છે, જે જૂના દુખાવાને ફરી ઉભારે છે.

★ શારીરિક પ્રવૃત્તિનો અભાવ: ઠંડીના કારણે લોકો હલનચલન અને કસરત ઓછી કરે છે, જેથી સાંધાની લવચીકતા (ફ્લેક્સિબિલિટી) ઘટવા પામે છે.

- શિયાળામાં સાંધાની સંભાળ માટે જીવનશૈલીના ફેરફાર:

★ વિટામિન **D** અને સૂર્યપ્રકાશ: શિયાળામાં સવારનો કૂણો તડકો (સવારે ૮-૧૦ વાગ્યા સુધી) લેવાથી કુદરતી વિટામિન **D** મળે છે, જે હાડકાં અને સ્નાયુની મજબૂતી માટે જરૂરી છે.

★ પૂરતું પાણી પીઓ: ઠંડીમાં તરસ ઓછી લાગવાથી શરીરમાં ડિહાઇડ્રેશન થાય છે. પાણી ઓછું પીવાથી સ્નાયુમાં ખેંચાણની શક્યતા વધી જાય છે.

★ ગરમ તેલથી હળવી માલિશ: કસરત કરતા પહેલાં સરસવ કે તલના હૂંફાળા તેલથી સાંધા પર હળવા હાથે માલિશ કરવાથી સ્નાયુ ગરમ થાય છે.

- શિયાળામાં ફિઝિયોથેરાપીના ફાયદા અને પધ્ધતિ:

★ હીટ થેરાપી (ગરમ શેક): ફિઝિયોથેરાપિસ્ટ દ્વારા અપાતા હોટ પેક, પેરાફિન વેક્સ બાથ કે અલ્ટ્રાસાઉન્ડ થેરાપીથી સાંધામાં ગરમાવો આવે છે. જેથી લોહીનું પરિભ્રમણ વધે છે અને જકડાયેલા સ્નાયુઓને તરત આરામ મળે છે.

★ સાંધાની લવચીકતા જાળવવી: ફ્રોઝન શોલ્ડર (ખભા જકડાવા), ઘૂંટણનો ઘસારો અને કમરના દુખાવામાં ખાસ પ્રકારની જોઈન્ટ મોબિલાઇઝેશન અને સ્ટ્રેચિંગ કસરતો સાંધાને જામ થતા અટકાવે છે.

★ સ્નાયુની મજબૂતી: સાંધાની આસપાસના સ્નાયુને મજબૂત કરવાની કસરત કરવાથી સાંધા પર આવતું દબાણ ઘટે છે, પરિણામે દૈનિક કામકાજ કરવું સરળ બને છે.

★ ઇલેક્ટ્રોથેરાપી: વધુ પડતા દુખાવા કે સોજામાં **TENS** કે **IFT** જેવા આધુનિક ઉપકરણની મદદથી પેઇનકિલર દવા લીધા વિના પીડામાં રાહત મળી શકે છે.

- ઘરે કરી શકાય તેવી સરળ ફિઝિયોથેરાપી કસરતો (સવારનું રૂટિન):

★ એન્કલ પમ્પ્સ (પગના પંજાની કસરત): સવારે પથારીમાંથી ઊઠતા પહેલા પગના પંજાને ૧૫-૨૦ વાર આગળ-પાછળ ખેંચો. જેથી પગમાં લોહીનું પરિભ્રમણ તરત શરૂ થાય છે.

★ ની-રોલ અને સ્ટ્રેચ (ઘૂંટણની કસરત): પથારીમાં સીધા સૂઈ એક પછી એક ઘૂંટણને છાતી તરફ હળવેથી વાળો અને ૧૦ સેકન્ડ માટે રોકી રાખો.

★ કેટ-કેમલ સ્ટ્રેચ (કમર માટે): ઘૂંટણ અને હાથના ટેકે ઊભાં રહી કમરને ઉપરની તરફ ઉઠાવો અને પછી નીચેની તરફ વાળો. આ કસરત કરોડરજ્જુની જકડાશને દૂર કરશે.

★ શોલ્ડર રોટેશન (ખભા માટે): ખભાને આગળથી પાછળ અને પાછળથી આગળ ગોળાકાર દિશામાં ૧૦-૧૦ વાર ફેરવો.

- ક્યારે ફિઝિયોથેરાપિસ્ટનો સંપર્ક કરવો?

★ જો સાંધા પર વધુ પડતો સોજો, લાલાશ કે ગરમાવો અનુભવાય.

★ જો દુખાવાને કારણે રાત્રે ઊંઘ ન આવે કે રોજિંદા કામકાજ અટકી જાય.

★ જો હાથ કે પગમાં ખાલી ચડતી હોય કે નબળાઈ લાગતી હોય... આમાંની કે અન્ય કોઈ શારીરિક સમસ્યા જણાય તો તમારા જાણીતા ફિઝિયોથેરાપિસ્ટનો તાત્કાલિક સંપર્ક કરી સારવાર કરાવવી જરૂરી છે.

- ફિઝિયોથેરાપી ક્લિનિકમાં મળતી ખાસ સારવાર:

★ પેરાફિન વેક્સ બાથ: ખાસ કરીને હાથ-પગની આંગળીઓના સાંધાના દુખાવામાં ગરમ મીણની સારવાર રાહતદાયક સાબિત થાય છે.

★ ડ્રાય નીડલિંગ અને માયોફેશિયલ રિલીઝ: ઠંડીને કારણે સ્નાયુમાં બની ગયેલી ગાંઠો (ટ્રિગર પોઈન્ટ્સ)ને ખોલવા માટે આ આધુનિક પધ્ધતિ વપરાય છે.

★ હાઈડ્રોથેરાપી (હૂંફાળા પાણીમાં કસરત): ગરમ પાણીમાં કસરત કરવાથી શરીરનું વજન સાંધા પર આવતું નથી અને સ્નાયુ ઝડપથી ખુલે છે.

- શિયાળામાં રાખવાની સાવચેતી:

★ કસરત પહેલા વોર્મ-અપ: સવારની ઠંડીમાં સીધી ભારે કસરત, દોડવું કે ઝડપી ચાલવાનું શરૂ ન કરો. પહેલાં ૫-૧૦ મિનિટ હળવું વોર્મ-અપ અને સ્ટ્રેચિંગ કરો.

★ સવારની હળવી કસરત: પથારીમાંથી ઊઠતા પહેલાં પગના પંજા અને ઘૂંટણને હળવેથી વાળવાની અને સીધા કરવાની કસરત કરવાથી સવારની જકડાશ ખૂબ ઘટે છે.

★ શરીરને ગરમ રાખો: કસરત કરતી વખતે કે બહાર નીકળતી વખતે સાંધા (ખાસ કરીને ઘૂંટણ અને ખભા) ઢંકાયેલા રહે તેવાં ગરમ કપડાં પહેરો ■

ફિઝિયોથેરાપી
ડો.કોમલ પંચાલ
(ફિઝિયોથેરાપિસ્ટ)
sanjogpurti@gmail.com

ચાંદો લપસ્યો !



"અરે વાહ! આ તો જલેબીની સુગંધ છે! હવે મારે જલેબી ખાવી જ પડશે! આજે તો જલેબી ખાધા વગર નહીં રહેવાય!" - ચાંદાએ સુગંધની દિશામાં જોતાં વિચાર્યું.

એક રાતે ચાંદો આકાશમાં ફરતો ને રમતો હતો. ફરતાં ફરતાં ગરમાગરમ જલેબીની સુગંધ એના નાક સુધી પહોંચી ગઈ. એને થયું, 'લાવ ત્યારે, હવે હું નીચે જાઉં ને ગરમાગરમ મીઠી જલેબી ખાતો આવું.'

એમ વિચારી ચાંદાએ ધીમેથી આકાશમાંથી નીચે ઊતરવાનું નક્કી કર્યું. તે ધીમેધીમે નીચે સરકવા લાગ્યો અને બોલ્યો, "ચાલો ભાઈ, આજે જલેબીની મોજ કરીએ!"

તે ધીમે ધીમે નીચે આવવા લાગ્યો.

ત્યાં જ અચાનક...

ધડામ... સરરરર... ફસ્સ્સ્સ!

ચાંદો લપસ્યો..!

"અરે રે રે! બચાવો! મારી જલેબી તો ગઈ!"

ચાંદો સરરર કરતાં સીધો એક ઝાડ ઉપર પડ્યો ને એક ડાળીએ લટકી ગયો. ડાળી ઉપર... નીચે... ઉપર... નીચે થવા લાગી. ચાંદો તો હિંચકે ઝૂલવા લાગ્યો!

"અરે ભાઈ! કોઈ તો મને ઉતારો! કોઈ તો મારી મદદ કરો! હું ચાંદો છું!"

અવાજ સાંભળી ઝાડ પર સૂતેલો બબલુ વાંદરો જાગી ગયો.

તેણે ઉપર જોયું અને તેની આંખો પહોળી થઈ ગઈ.

"અરે બાપ રે! આ ચાંદો આકાશમાંથી નીચે કેવી રીતે આવ્યો? અને આ અહીં ઝાડ પર હિંચકે કેમ ઝૂલે છે!"

બબલુ ખડખડાટ હસવા લાગ્યો, "કેમ, ચાંદાભાઈ, મજા આવે છે ને? અને તમે અહીં નીચે કેવી રીતે આવ્યા?"

ચાંદો બોલ્યો, "અરે બબલુ! કાંઈ મજા નથી આવતી! એક વાર આ ઝાડ પરથી મને નીચે ઉતાર, નહીં તો હું ચક્કર ખાઈને બેભાન થઈ જઈશ!"

બબલુ તરત જ ડાળી પર ચઢ્યો. તેણે ચાંદાને ધીમેથી ઝાડ પરથી નીચે ઉતાર્યા. પણ અચાનક હાથ છૂટ્યો અને ચાંદો પાછો સરરર કરતો ધબ્બ દઈને નીચે પડ્યો.

બબલુએ પૂછ્યું, "ચાંદાભાઈ, તમે અહીં નીચે શું કરવા આવ્યા એ તો કહો!"

ચાંદો શરમાઈને બોલ્યો, "ભાઈ બબલુ, તને શું કહું! હું આકાશમાં ફરતો હતો ને જલેબીની સુગંધ આવી. મને થયું લાવને થોડી જલેબી ખાતો આવું. એમ વિચારી હું આકાશમાંથી દોડ્યો ને લપસ્યો. તે સીધો આ ઝાડ પર આવીને પડ્યો ને અહીં લટક્યો!"

ચાંદાભા ની વાત સાંભળી બબલુ ખડખડાટ હસવા લાગ્યો અને બોલ્યો, "અરે વાહ! તો જલેબી ખાવા છેક આકાશમાંથી અહીં સુધી આવ્યા એમ! તમેય ખરા છો હોં ચાંદાભાઈ! પણ જલેબી તો મનેય બહુ ભાવે છે હોં! ચાલો ત્યારે, આપણે જલેબીની મોજ માણી જ લઈએ!"

બંનેએ ગરમાગરમ જલેબી ખાધી. ચાંદાએ એક જલેબી મોઢામાં મૂકી અને બોલ્યો, "વાહ! ગરમાગરમ મીઠી મીઠી જલેબી! મજા આવી ગઈ!"

બંનેએ મોજથી પેટ ભરીને જલેબી ખાધી. ચાંદો કહે, "ચાલ બબલુ, હવે હું જાઉં છું. નહીં તો પેલા તારલા મને શોધશે ને આખાય આકાશમાં અંધારું અંધારું થઈ જશે! હું ફરી જરૂર જલેબી ખાવા આવીશ!"



રે વાર્તા!
મનીષ સુથાર

તેણે હાથ હલાવ્યો અને...

સરરર... સરરરપ સૂઉઉઉંપ કરતા સીધા આકાશમાં પહોંચી ગયા!

બબલુએ ઉપર જોઈને બૂમ પાડી, "ચાંદાભાઈ! ફરી આવો ત્યારે જરા ધીમેથી આવજો. પાછા તમે લપસી ન પડતા હોં!"

આ સાંભળીને ચાંદો ખડખડાટ હસ્યો.

અને તે રાતે ચાંદો થોડો વધારે જ ગોળમટોળ દેખાતો હતો! કારણ કે ભાઈએ, પેટ ભરીને જલેબી ખાધી હતી ને! ■ Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

અમરેલીના જૂના સોસાયટી વિસ્તારોના કોમન પ્લોટના વિકાસ માટે ખાસ કિસ્સામાં મંજૂરી આપવા માંગ

અમરેલી નગરપાલિકાના કારોબારી સમિતિ ચેરમેન મૌલિક ઉપાધ્યાયની મંત્રી કૌશિક વેકરીયા અને કલેક્ટરને રજૂઆત



અમરેલી,તા.૧૭

અમરેલીના વર્ષો જૂના સોસાયટી વિસ્તારોમાં આવેલા સાર્વજનિક પ્લોટોને મૂળ માલિકના રાજીનામા વગર ડેવલપ કરવા ખાસ કિસ્સામાં મંજૂરી આપવા માંગ કરાઈ છે. અમરેલી પાલિકાના કારોબારી ચેરમેન મૌલિક ઉપાધ્યાય દ્વારા રાજ્ય મંત્રી, ધારાસભ્ય અને કલેક્ટરને લેખિત રજૂઆત કરાઈ છે. પ્લોટ વિકાસ માટે કલેક્ટર કચેરી દ્વારા મૂળ માલિકના રાજીનામા કે NOCની શરત મુકાય છે. પરંતુ ૨૦થી ૪૦ વર્ષ જૂની આ સોસાયટીઓના મૂળ માલિકો હયાત ન હોવા કે વારસદારો ન મળવાથી રાજીનામું મેળવવું અશક્ય બન્યું છે, જેના કારણે પ્લોટો બિનઉપયોગી રહી દબાણનો ભોગ બની રહ્યા છે.

આ સમસ્યાના ઉકેલ માટે, લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ પ્લોટો પર રહીશોના ઠરાવ અને સહમતીના આધારે મૂળ માલિકના રાજીનામાની શરતમાંથી મુક્તિ આપી વિકાસ કાર્યો માટે ખાસ મંજૂરી અપાય તેવી અપીલ કરાઈ છે. સાથે જ, રાજ્યની તમામ નગરપાલિકાઓના આ પ્રશ્નના કાયમી નિવારણ માટે સરકાર દ્વારા સ્પષ્ટ નીતિવિષયક પરિપત્ર બહાર પાડવા નાગરિક હિતમાં વિનંતી કરાઈ છે.

પાટીદાર આંદોલનથી આનંદીબેન પટેલને મુખ્યમંત્રી પદ ગુમાવવું પડ્યું તેનો વસવસો : દિનેશ બાંભણિયા

રાજકોટ, તા.૧૭

૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી નજીક આવતાં વિવિધ સમાજનાં રાજકીય નિવેદનો સામે આવી રહ્યાં છે. રાજકોટના જસદણ સ્થિત પાટીદાર શૈક્ષણિક ભવન ખાતે ૧૬ નવેમ્બરે સમસ્ત પાટીદાર પરિવારનો સખી સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. તેમાં પાટીદાર નેતા દિનેશ બાંભણિયાએ જાહેરમાં સ્વીકાર્યું કે પાટીદાર આંદોલનને કારણે આનંદીબેન પટેલે મુખ્યમંત્રી પદ ગુમાવ્યું તેનો તેમને આજે પણ વસવસો છે. તેમણે જણાવ્યું કે આંદોલનથી અનામત અને યુવાનોને નોકરી સહિતનાં લાભ મળ્યા, પરંતુ સારા મુખ્યમંત્રી ગુમાવ્યાનું દુઃખ છે. તેના જવાબમાં



અનાર પટેલે કહ્યું, ''મમ્મીના હૃદયમાં કોઈ વાતનું દુઃખ નથી''

અનાર પટેલે કહ્યું કે તેમના માતાના મનમાં કોઈ વાતનું દુઃખ નથી અને ટૂંક સમયમાં મુલાકાત કરાવશે. અલ્પેશ કથીરિયાએ બાંભણિયાને સમર્થન આપ્યું, જ્યારે ગીતા પટેલે આંદોલનકારીઓને દોષિત ગણવાનો અને માફી માગવાનો ઇનકાર કર્યો હતો.

કોડીનાર તાલુકાના મિતિયાજ ગામમાં વીર જવાનનું અભિવાદન



કોડીનાર,તા.૧૭

કોડીનાર તાલુકાના મિતિયાજ ગામના વતની અને ભારતીય સેનામાં ૧૭ વર્ષ સુધી દેશની સરહદોની સુરક્ષાની ફરજ નિભાવી વતન પરત ફરેલા જવાન હસમુખભાઈ જીવાભાઈ વાઢેળના સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મિતિયાજ ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

લીલીયા મોટાની ગેસ એજન્સીમાં ૬૬ એક્સપાયરી સિલિન્ડર ઝડપાયા

૩૭ ગામો સહિત શાળાઓ અને આંગણવાડીઓની સુરક્ષા સામે સવાલો



લીલીયા,તા.૧૭

લીલીયા તાલુકાની એસ.પી. ગેસ એજન્સીમાં તપાસ દરમિયાન કુલ ૨૫૦માંથી ૬૬ સિલિન્ડર એક્સપાયરી અવધિ વીતી ગયેલા મળી આવતાં ચકચાર મચી છે. એજન્સીમાં આ પ્રકારની ઘટના ત્રીજી વખત સામે આવતાં વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે. રજૂઆત મુજબ, આવા સિલિન્ડરો અમરેલી જિલ્લા સહિત સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સપ્લાય થતા હોવાના આક્ષેપ છે. લીલીયા તાલુકાનાં ૩૭ ગામો ઉપરાંત ૭૦થી ૭૫ આંગણવાડીઓ અને સરકારી શાળાઓમાં પણ ગેસનો ઉપયોગ થતો હોવાથી બાળકોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરાઈ છે. મામલતદાર કચેરીના અધિકારીઓએ સ્થળ પર પહોંચી પંચરોજકામ હાથ ધર્યું છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે.

અરવિંદ કેજરીવાલનું પૂર્વ નિવાસસ્થાન 'શીશ મહેલ' જાહેર જનતા માટે ખુલ્લું મુકાશે

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું ૬, ફ્લેગ સ્ટાફ રોડ સ્થિત સત્તાવાર નિવાસસ્થાન 'શીશ મહેલ' ટૂંક સમયમાં સામાન્ય નાગરિકો માટે ખુલ્લું મૂકવામાં આવશે. જાહેર બાંધકામ મંત્રી પ્રવેશ વર્માએ મંગળવારે જાહેરાત કરી હતી કે આગામી સપ્તાહથી લોકો ઓનલાઈન ટિકિટ ખરીદીને આ બંગલાની મુલાકાત લઈ શકશે. વર્માએ આક્ષેપ કર્યો હતો કે કેજરીવાલે મુલાકાતીઓ માટે માત્ર એક જ સાદો ઓરડો રાખ્યો હતો, જ્યારે અન્ય રૂમમાં કરોડોના પડદા, વિયેતનામી ટાઇલ્સ અને ઓટોમેટિક લાઇટ્સ જેવી ભવ્ય સુવિધાઓ પાછળ અતિશય ખર્ચ કર્યો હતો. કેગ (CAG) રિપોર્ટ મુજબ, બંગલાના સમારકામ પાછળ રૂ.૩૩.૬૬ કરોડનો ખર્ચ થયો હતો, જે અંદાજિત ખર્ચ કરતાં ૩૪૨ ટકા વધુ હતો.

સુરેન્દ્રનગર રેલ્વે લાઈનનું ફાટક નં. ૧૨ રાત્રીના બંધ કરાતુ હોવાથી

રાજુલાના ભચાદરથી દેવકા જતા રસ્તા પરનું રેલ્વે ફાટક ૨૪ કલાક ખુલ્લું રાખવા માંગ

રાજુલા,તા.૧૭

રાજુલા તાલુકાના ભચાદર ગામથી દેવકા ગામ જતા ગાડામાર્ગ પર પીપાવાવ–સુરેન્દ્રનગર રેલ્વે લાઈનનું ફાટક નં. ૧૨ આવેલું છે, જે રાત્રિના સમયે બંધ કરી દેવાય છે. આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર અને અપરાધ વિરોધ સંગઠનના અમરેલી પ્રમુખ લાલભાઈ વાઘે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભાવનગર વેસ્ટર્ન રેલ્વેના ડી.આર.એમ.ને પત્ર લખ્યો છે. પત્રમાં જણાવાયું છે કે ભચાદર અને કડીયાળીના ખેડૂતોની ૩૦૦૦ વીઘાથી વધુ જમીન આ માર્ગ પર છે. ફાટક બંધ હોવાથી ખેડૂતોને રાત્રિરોકાણ ખેતરમાં કરવું પડે છે, જ્યાં હિંસક જનાવરોની અવરજવરથી જીવનું જોખમ રહે છે. અનેક રજૂઆતો છતાં ઉકેલ ન આવતાં ફાટક ૨૪ કલાક ખુલ્લું રાખવા માંગ કરાઈ છે. જો ઉકેલ નહીં આવે તો ગ્રામ પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપવામાં આવી છે.

ઉકેલ નહીં આવે તો ગ્રામ પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે કોટડીપરામાં ખેત તલાવડીનું લોકાર્પણ

અમરેલી,તા.૧૭

રાજુલા તાલુકાના કોટડીપરા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ખેડૂત મનુભાઈ નકુમના ખેતરમાં સરકારી સહાયથી તૈયાર કરાયેલી ખેત તલાવડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જિયોમેમ્બ્રેન ટેક્નોલોજીથી તૈયાર થયેલી આ તલાવડીમાં અંદાજે સાત લાખ લીટર વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકશે, જેનાથી ખેડૂતોને સિંચાઈમાં લાભ મળશે. આ પ્રસંગે રાજ્યપાલે જળસંચયના પ્રયાસ બદલ ખેડૂત પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ખેડૂતોને રાસાયણિક ખાતરોનો ઉપયોગ ટાળી પ્રાકૃતિક ખેતી અપનાવવા અને ઝેરમુક્ત અનાજનું ઉત્પાદન કરવા અપીલ કરી હતી. યુરિયા અને ડીએપી વિના પણ ઉત્પાદન મેળવી શકાય તેમ જણાવી વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં તાલીમ યોજવાની માહિતી આપી હતી. કાર્યક્રમમાં ધારાસભ્યો હીરા સોલંકી, મહેશ કસવાળા, પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ સહિતના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.



ભેંસવડી ગામે ધાર્મિક વિધિઓ સાથે યજ્ઞની પૂર્ણાહુતિ કરાઈ

અમરેલી,તા.૧૭







લીલીયા તાલુકાના ભેંસવડી ગામે ધાર્મિક માહોલમાં રૂપલ આઈના વરદ હસ્તે ગામનું તોરણ બાંધી ધારાવાડી કરવામાં આવી હતી. આ સાથે ધાર્મિક વિધિ અનુસાર યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સમગ્ર આયોજન ભેંસવડી ગામ સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ભવ્ય ધાર્મિક આયોજનને સફળ બનાવવા હિરેન બુટાણી, મહેશ બુટાણી, સુધીર દુધાત અને નિકુંજ બુટાણી સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી. ધાર્મિક કાર્યક્રમોમાં ગ્રામજનો અને ભાવિક ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર ગામમાં ભક્તિ અને આસ્થાનો માહોલ જોવા મળ્યો હતો.

રૂપલ આઈના હસ્તે ગામનું તોરણ બંધાયું, ધારાવાડી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા

પુખ્ત વયના યુવક-યુવતીએ મરજીથી લગ્ન કર્યા હોય તો પોલીસ દખલ ન કરી શકે : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૭

ગુજરાત હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે કાયદાકીય રીતે પુખ્ત યુવક-યુવતીએ પોતાની મરજીથી લગ્ન કર્યા હોય તો તેમના વૈવાહિક અને અંગત જીવનમાં પરિવાર કે પોલીસ દખલગીરી કરી શકે નહીં. મળતી માહિતી મુજબ, એક યુગલે તા.૨૬ ઓક્ટોબરે પોતાની મરજીથી લગ્ન કરી કાયદેસર નોંધણી કરાવી હતી. તેમ છતાં ફરિયાદના આધારે પોલીસે નવદંપતીને હેરાન કરવાનું શરૂ કર્યું હોવાનો આક્ષેપ કરાયો હતો. લગ્નમાં સાક્ષી બનેલી વ્યક્તિની અટકાયત કરવામાં આવતાં દંપતીએ પોલીસ રક્ષણ માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યાં હતાં. જસ્ટિસ મૂલચંદ ત્યાગીની ખંડપીઠે દંપતીની અરજી મંજૂર કરી રાહત આપી હતી. આ ચુકાદો પોતાની પસંદગીથી લગ્ન કરનાર યુગલો માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. અમદાવાદ, પાટણ અને નવસારીના દંપતીઓએ પણ પોલીસ રક્ષણ મેળવવા હાઈકોર્ટમાં અરજીઓ કરી હતી.



-:: જાહેર નોટીસ ::-

કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૧૮૫/૨૦૨૬
મુદત તારીખ - ૨૨ / ૧૨ / ૨૦૨૬

અરજદાર :- ચારણીયા વિનોદભાઈ ગોવિંદભાઈ
રહે. મુળ દ્વારકા, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- પી.પી.વાઘેલા
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ મરણ અધિકારીશ્રી અને ચીફ ઓફીસર સાહેબ નગરપાલિકા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ચારણીયા વિનોદભાઈ ગોવિંદભાઈ, રહે. મુળ દ્વારકા, તા.કોડીનાર,જી.ગીર સોમનાથ વાળાએ તેમની પુત્રી ચારણીયા ધનેશ્વરી વિનોદભાઈનો જન્મ તા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ મુળ દ્વારકા મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૨૨/૧૨/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૬/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.એમ.રાઠોડ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એમ.કે.રાઠોડ) (બેંચ ક્લાર્ક) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એમ.પંડયા) ઇન્ચા. (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૨૦૪ / ૨૦૨૬
મુદત તારીખ - ૩૦ / ૧૧/૨૦૨૬

અરજદાર :- શેખ અહેમદભાઈ ભીખનભાઇ રહે. કોડીનાર, ઠે.જલારામ સોસાયટી મુળદ્વારકા રોડ, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- આર.વી.ગોહીલ
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ મરણ અધિકારીશ્રી અને ચીફ ઓફીસર સાહેબ નગરપાલિકા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શેખ અહેમદભાઈ ભીખનભાઇ, રે.કોડીનાર, ઠે.જલારામ સોસાયટી મુળદ્વારકા રોડ, તા.કોડીનાર,જી.ગીર સોમનાથ વાળાએ તેમના ભાઈ હુસેનભાઈ ભીખનભાઈ શેખનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ કોડીનાર મુકામે થયેલ છે, જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ- ૩૦/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.એમ.રાઠોડ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એમ.કે.રાઠોડ) (બેંચ ક્લાર્ક) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એમ.પંડયા) ઇન્ચા. (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં. - ૧૭૧ / ૨૦૨૬
મુદત તારીખ - ૨૬ / ૧૧ / ૨૦૨૬

અરજદાર :- તરવાડીયા જીવનભાઈ કાનજીભાઈ
રહે. મુળદ્વારકા, તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- આર.વી.ગોહીલ
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ મરણ અધિકારીશ્રી અને ચીફ ઓફીસર સાહેબ નગરપાલિકા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર તરવાડીયા જીવનભાઈ કાનજીભાઈ, રે.મૂળદ્વારકા, તા.કોડીનાર,જી.ગીર સોમનાથ વાળાએ તેમના પિતા કાનજીભાઈ ભીમભાઈ તરવાડીયા નુ અવસાન તા.૦૬/૧૧/૧૯૯૬ ના રોજ મુળદ્વારકા મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી મરણ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ - ૨૬/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૭/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.એમ.રાઠોડ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એમ.કે.રાઠોડ) (બેંચ ક્લાર્ક) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (એન.એમ.પંડયા) ઇન્ચા. (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૪૮/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. કોઠીયા અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ
રહે. કૃષ્ણગઢ મિતિયાળા તા.સાવરકુંડલા જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી મિતિયાળા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી કોઠીયા સેજલબેન અરવિંદભાઈનો જન્મ તા. ૨૪/૦૪/૧૯૮૬ ના રોજ મુ.મિતિયાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખ્યત્યાર અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



આંબરડી સફારી પાર્કમાં બાઈક પર સિંહનો પીછો કરતા ત્રણ વનકર્મીઓ ફરજ મુક્ત

અમરેલી,તા.૧૭

ગુજરાતમાં એશિયાટિક સિંહોની સુરક્ષા અને સંરક્ષણને લઈને વનવિભાગ સતત સતર્કતાના દાવા કરી રહ્યું છે, ત્યારે અમરેલી જિલ્લાના આંબરડી સફારી પાર્કમાં સિંહનો મોટરસાઈકલ પર પીછો કરતા વનકર્મીઓનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વિવાદ સર્જાયો છે. આ ઘટનાને ગંભીરતાથી લઈને વનવિભાગે ત્રણ કરાર આધારિત વનકર્મીઓને ફરજમાંથી મુક્ત કરી દીધા છે. પ્રાથમિક તપાસ બાદ નોટિસ આપીને કાર્યવાહી કરવામાં આવી હોવાનું વનવિભાગના અધિકારીએ જણાવ્યું છે. મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંહે જણાવ્યું કે વાયરલ વીડિયો અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી. સાંજના સમયે સફારી પાર્કમાં સિંહોને તેમના વાડાવાળા વિસ્તારમાં પરત લઈ જવાની નિયમિત પ્રક્રિયા ચાલી રહી હતી. સામાન્ય રીતે આ કામગીરી જીપની મદદથી કરાય છે, પરંતુ કેટલાક કર્મચારીઓએ મોટરસાઈકલનો ઉપયોગ કર્યો હતો. આ બાબત સામે આવ્યા બાદ સંબંધિત કર્મચારીઓને નોટિસ આપવામાં આવી અને ત્રણેયને ફરજમાંથી મુક્ત કરાયા હતા.


તસવીર : ફાઈલ ફોટો

ગુજરાતે હવે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર પાસેથી નર્મદાનું પાણી ખરીદવું પડશે

અમદાવાદ, તા.૧૭



ગુજરાતમાં પાણીની અછતની ગંભીર સ્થિતિ વચ્ચે નર્મદાના પાણી અંગે મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. એકતાનગરના સર્કિટ હાઉસ ખાતે સોમવાર, તા.૧૬ નવેમ્બરે કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયની બેઠક મળી હતી. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં નક્કી કરાયું હતું કે, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર વીજ ઉત્પાદન માટે વપરાતું પાણી ગુજરાતને આપશે. તેના બદલામાં ગુજરાતે બંને રાજ્યોને મળવાપાત્ર વીજળી ખરીદીને આપવી પડશે અથવા નાણાં ચૂકવવાં પડશે. ચારેય રાજ્યોના મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિમાં લેવાયેલા આ નિર્ણય મુજબ ત્રણેય રાજ્યોના મુખ્ય સચિવો આગામી દિવસોમાં ચુકવણીની ફોર્મ્યુલા તૈયાર કરશે. આ વ્યવસ્થાથી શિયાળા અને ઉનાળામાં ગુજરાતને પાણીની જરૂરિયાત પૂરી કરવામાં મદદ મળશે. આ ઉપરાંત સરદાર સરોવર યોજનાના ખર્ચ અને લેણાં અંગે છેલ્લા ૩૦ વર્ષથી ચાલતા વિવાદનો પણ અંત આવ્યો છે. ચારેય રાજ્યોના ખર્ચની ગણતરી ૬ ટકા વ્યાજ સાથે કરીને હિસાબ સરભર કરવા સહમતી સધાઈ છે.

રાજકોટના હલેન્ડા ગામની સીમમાં ૧૧ કેવીનો જીવંત વીજવાયર તૂટતાં વૃધ્ધ દંપતીનાં કરુણ મોત



રાજકોટ,તા.૧૭

રાજકોટ-આટકોટ રોડ પર આવેલા હલેન્ડા ગામની સીમમાં મંગળવારે વહેલી સવારે હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ હતી. વાડીએ ખેતીકામ કરી રહેલા ગાંડુભાઈ જાદવભાઈ વાવડીયા (ઉ.વ.૭૧) અને તેમનાં પત્ની કાંતાબેન (ઉ.વ.૭૦) પર વીજપોલ પરથી ૧૧ કેવીનો જીવંત વીજવાયર તૂટી પડતાં બંનેનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં. વીજ કરંટ લાગતાં દંપતીએ બૂમાબૂમ કરતાં નજીકમાં કામ કરી રહેલા તેમના પુત્ર હસમુખ અને પુત્રવધૂ દયા બચાવવા દોડી આવ્યાં હતાં, પરંતુ તેઓ પણ કરંટની ઝપેટમાં આવતાં ઈજાગ્રસ્ત થયાં હતાં. બંનેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે. બનાવને પગલે આસપાસના ખેતમજૂરો અને ગ્રામજનો દોડી આવ્યા હતા. દંપતીને ચાર પુત્ર અને ચાર પુત્રીઓ હોવાનું જાણવા મળ્યું છે. ઘટના અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.


State Action Plan for Containment of Antimicrobial Resistance GUJARAT
Preserve Antibiotics | Protect Lives
સત્યમેવ જયતે ગુજરાત સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન

વિશ્વ ઍન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહ (તા. ૧૮-૨૪ નવેમ્બર ૨૦૨૬)
ઍન્ટિબાયોટિક્સનો બેફામ અને બેજવાબદાર ઉપયોગ
સુપરબગ્સને જન્મ આપે છે
કોવિડ જેવો જ ખતરનાક છે સુપરબગ્સ
આવો, ઍન્ટિબાયોટિક્સને બિનઅસરકારક થતાં અટકાવીએ
"સ્વસ્થ સમાજના નિર્માણ અને સુપરબગ્સ સામેની લડાઈમાં સહભાગી બનો, ઍન્ટિબાયોટિક્સનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરો અને દવાનો કોર્સ અવશ્ય પૂર્ણ કરો."
હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
"તબીબની સલાહ વિના ક્યારેય ઍન્ટિબાયોટિક્સ ન લો, ગમે તેટલું સારું લાગે તો પણ અધવચ્ચે ઍન્ટિબાયોટિક્સ બંધ ન કરો."
પ્રફુલ પાનશેરીયા, આરોગ્ય મંત્રી, ગુજરાત સરકાર